**આજનો સુવિચાર**

સારા દિવસો માટે તમારે ખરાબ દિવસો સામે લડવું પડશે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર દૈનિક ભૂમિ

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૬ જૂનાગઢ તા.૨૧-૧૨-૨૦૨૩ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 6, Junagadh : Date : 21 December, 2023, Thursday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay




## વડાપ્રધાન - મુખ્યમંત્રી વચ્ચે સાડા ત્રણ કલાક લાંબી બેઠક યોજાઈ : ગુજરાત ભાજપમાં વ્યાપક ફેરફાર આવશે



નવી દિલ્હી, તા.૨૧: ગુજરાતમાં ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં મળેલી ભવ્ય જીત બાદ કેબિનેટ વિસ્તરણની અટકળો ચાલી રહી છે. આવી સ્થિતિમાં પાર્ટીએ લોકસભાની ચૂંટણીની તૈયારીઓ શરૂ કરી દીધી છે ત્યારે ફરી એકવાર ગુજરાતમાં ઉત્તરાયણના તહેવાર પહેલા અનેક સવાલોના જવાબ મળી જશે તેવી ચર્ચા છે.

ગઈકાલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને વડાપ્રધાન મોદી વચ્ચે દિલ્હીમાં બેઠક યોજાય હતી. સૂત્રો મુજબ આ બેઠકમાં ગુજરાતની ચર્ચા થઈ હતી. જ્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલે આવતા મહિને યોજાનારી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪ની તૈયારીઓ અંગે પીએમ મોદીને માહિતી આપી હતી, ત્યારે રાજ્યના અન્ય મુદ્દાઓ પર પણ ચર્ચા કરવામાં આવી હતી. પીએમ મોદી અને સીએમની લાંબી મુલાકાતને લઈને રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા ચાલી રહી છે કે શું ગુજરાતમાં કંઈક મોટું થવાનું છે. સરકાર અને સંગઠનના મોરચે ધરખમ ફેરબદલ થઈ શકે છે. વડાપ્રધાન મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ વચ્ચેની આ મુલાકાત લગભગ સાડા ત્રણ કલાક સુધી ચાલી હતી. રાજકીય વર્તુળોમાં ચર્ચા છે કે, આ બેઠકમાં સરકારની કામગીરી અને ૨૦૨૪ની ચૂંટણી પહેલા સંગઠનમાં ખાલી પડેલી જગ્યાઓ ભરવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. ગુજરાત ભાજપની કોર ટીમમાં ૬ મોટી જગ્યાઓ ખાલી છે. જેમાંથી બે પદ રાજ્ય મહામંત્રીઓની છે. ભાર્ગવ ભટ્ટ અને પ્રદીપસિંહ વાઘેલાના રાજીનામા બાદ આ જગ્યાઓ ખાલી પડી છે. પ્રદીપસિંહ વાઘેલા પ્રદેશ મહામંત્રી હોવા ઉપરાંત ગાંધીનગર સ્થિત કમલમના પ્રભારી પણ હતા. આવી સ્થિતિમાં, જ્યારે પાર્ટી ૨૦૨૪ની ચૂંટણીમાં ૪૦૦ બેઠકો જીતવાના લક્ષ્ય સાથે આગળ વધી રહી છે, ત્યારે પાર્ટી સંગઠનને મજબૂત કરીને આગળ વધવા માંગે છે.

### સમાચાર રાઉન્ડ

- માર્ગ અકસ્માત સર્જીને ભાગી જનારને ૧૦ વર્ષની સજાની નવા કાયદામાં કડક જોગવાઈ : ઈજાગ્રસ્તને હોસ્પીટલ લઈ જશે તો જ રાહત મળશે
- ભારતની ભુમિ મુસ્લીમો માટે સ્વર્ગ સમાન - તેઓ સુખી અને સમૃધ્ધ જીવન જીવી રહયા છે : નરેન્દ્ર મોદી
- રાજકોટમાં કોરોનાનો પ્રથમ કેસ નોંધાયો : ૫૧ વર્ષની મહિલા કોરોના પોઝીટીવ
- અયોધ્યામાં યોજાનાર રામમંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં સોનિયા ગાંધી, મનમોહન સિંહ, મલ્લિકાર્જુન ખડગેને આમંત્રણ અપાયું

## દિલ્હીમાં વિપક્ષો દ્વારા વિરોધ કુચ : ધરણા પ્રદર્શન : સંસદની લડાઈ સડક સુધી પહોંચી

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા.૨૧

સંસદમાં સરકાર અને વિપક્ષ વચ્ચે સર્જાયેલા ઉગ્ર ઘર્ષણ તથા દેશની સંસદના ઈતિહાસમાં પ્રથમ વખત ૧૪૩ સાંસદોનાં સસ્પેન્સન વચ્ચે હવે વિપક્ષો આજે સંસદ ભવનથી વિજય ચોક સુધી વિરોધ કૂચ યોજવાનો અને બાદમાં જંતર મંતર ખાતે મોક- પાર્લીયામેન્ટ પણ યોજાશે. સંસદની સુરક્ષાના મુદે ગૃહમંત્રીના નિવેદનની માંગ સાથે વિપક્ષોએ સરકાર સાથે જબરી ટકકર પસંદ કરી છે

છેલ્લા ચાર દિવસમાં ૧૪૩ સાંસદો સસ્પેન્ડ થયા છે. જો કે બીજી તરફ સરકાર વિપક્ષના મોટાભાગના સભ્યોની ગેરહાજરીમાં એક બાદ એક મહત્વના ખરડા પસાર કરાવી રહી છે અને હવે સત્ર તેના આખરી તબકકામાં છે તે વચ્ચે વિપક્ષોએ હવે લડાઈ સંસદ બહાર લઈ જવા નિર્ણય લીધો છે. આજે સસ્પેન્ડ થયેલા ૧૪૩ સાંસદો દ્વારા વિરોધ કુચ તેમજ ધરણા પ્રદર્શનો યોજાઈ રહયા છે જેનું નેતૃત્વ સોનિયા ગાંધી ઉપરાંત વિપક્ષનાં વરીષ્ઠ નેતાઓ કરી રહયા છે.

આ અગાઉ ઉપરાષ્ટ્રપતિ તથા રાજયસભાના સભાપતિ જગદીપ ધનખડની મિમિક્રીનો વિવાદ પણ વધ્યો છે અને તે મુદે પણ સરકાર આક્રમક બની છે. વિપક્ષો જો કે સંસદની સૂરક્ષાના મુદાને રાષ્ટ્રીય મુદો બનાવવા આગળ જઈ રહ્યા છે અને ૨૦૨૪ની ચુંટણીમાં પણ તે ગાજશે. બીજી તરફ ભાજપે તેની રણનીતિમાં આગળ વધી તે વિપક્ષની ગેરહાજરીમાં પણ સંસદનું શકય તેટલું વધુ કામ પુર્ણ કરીને બાદમાં હવે ચુંટણી મૌડમાં પુરો આવી જશે. ભાજપે અયોધ્યામાં રામમંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને સૌથી મોટો સમારોહ બનાવવાની તૈયારી કરી છે. જેનો રાજકીય લાભ પણ મળશે.

૧૫મી વાર્ષિક પૂણ્યતિથિએ
ભાવાંજલી...



સ્વ.સૂર્યકાંતભાઈ આચાર્ય
સ્વ.તા.૨૧-૧૨-૨૦૦૯

હૃદય વિશાળ, મન શાંત સદાકાળ સૌ માટે અવિરત પ્રેમભાવ સદાકાળ,
પરિચિત કે અપરિચિત સ્મિતથી કરે સત્કાર હોય આચરણ ધર્મનું,
ભાવ માનવધર્મનો સદાકાળ સ્વજન, મિત્ર,
કાર્યકર કે સહયોગી સૌ માટે સુખનો ભાવ અપરંપાર...
અત્યંત સંવેદનશીલ એવા પરોપકારી આત્માને
આજે પૂણ્યબળે ભાવસભર શ્રદ્ધાવંદના...


લી.
સાગર કોટેચા
ચેરમેનશ્રી

વિજયસિંહ એમ. રાયજાદા, વાઈસ ચેરમેનશ્રી | જયોતિષ બી. માંકડ, મેનેજીંગ ડીરેકટર | રાજેશભાઈ મારડીયા, સીઈઓ

બોર્ડ ઓફ ડીરેકટર્સ તથા સર્વે કર્મચારીગણ

ધી જૂનાગઢ કોમર્શીયલ કો-ઓપરેટીવ બેંક લી.

દિવ્ય આત્માને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલી



સ્વ. ધીરૂભાઈ નારણભાઈ ગોહેલ
સ્વ. તા. ૨૦-૧૨-૨૦૨૩, બુધવાર

પ્રસન્નતા તમારૂ જીવન હતું, પરોપકાર તમારૂ રટણ હતું,
સત્કાર્યો તમારી શોભા હતી,
બીજાને મદદ કરવી તમારૂ લક્ષ્ય હતું તેવા સ્નેહના તાંતણે બંધાયેલા
અને આજીવન સેવાકીય અને ધર્મ કાર્યોમાં અંતિમ
શ્વાસ સુધી કાર્યરત રહેલા તેમજ જેઓની સજજનતાની
સુવાસ સર્વત્ર પ્રસરી છે એવા પૂણ્યાત્માને અમારા કોટી કોટી વંદન
પરમ કૃપાળુ પરમાત્મા આપના
દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

લી.

અભીજીત કાર્તિકભાઈ ઉપાધ્યાય, તંત્રી, સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ગૃપ, જૂનાગઢ | કાળુભાઈ સુખવાણી, મહાસાગર ટ્રાવેલ્સ - એમ.ડી., જૂનાગઢ

પવિત્ર યાત્રાધામ એવા

# ગિરનાર પર્વત ઉપર પ્લાસ્ટીક ઉપર સંપુર્ણ પ્રતિબંધ લાદવા હાઈકોર્ટનો નિર્દેશ

## પાણીના જગ-વોટર કિઓસ્ક જેવી વૈકલ્પિક વ્યવસ્થા ઉભી કરો : હાઈકોર્ટ



જૂનાગઢ તા.૨૧

પ્રવાસન ક્ષેત્રના હબ ગણાતા એવા જૂનાગઢ શહેરની તદ્દન નજીક પવિત્ર યાત્રાધામ સમા ગિરનાર પર્વત અને ભવનાથ વિસ્તાર આવેલો છે કે જયાં અનેક ધાર્મિક સ્થળો આવેલા છે. જયાં પવિત્રતા અને ધાર્મિકતાનું વાતાવરણ હોય તેવી પવિત્ર ભુમિ ગણાતા વિસ્તારમાં થતા ગંદકી અને કચરાના ઉપદ્રવ સામે ધાર્મિક લાગણી દુભાતી હોય છે અને ભાવિકો તેમજ સાધુ સંતો, મહંતો, મહામંડલેશ્વર અને આમ જનતાએ અનેકવાર રજુઆતો કરી છે ઉપરાંત સેવાભાવી સંસ્થાઓ દ્વારા પ્લાસ્ટીકમુક્ત ગિરનાર કરવાનું અભિયાન સતત હાથ ધરાયું છે. ઉપરાંત હાઈકોર્ટમાં આ મુદ્દે રીટ પણ દાખલ કરવામાં આવી છે. અને આ તમામ મુદ્દાઓને ધ્યાને લઈ હાઈકોર્ટ દ્વારા ગિરનાર પર્વત ઉપર પ્લાસ્ટીક ઉપર સંપુર્ણ પ્રતિબંધ લાદવાનો નિર્દેશ આપવામાં આવ્યો હોવાનું જાણવા મળી રહયું છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર જૂનાગઢના સુપ્રસિધ્ધ ગિરનાર પર્વત ઉપર આવેલા અંબાજી માતાજીના મંદિર અને દતાત્રેય ભગવાનના મંદિરની આસપાસ ગંદકી અને બિનઆરોગ્યપ્રદ વાતાવરણને લઈ ગુજરાત હાઈકોર્ટમાં થયેલી જાહેરહિતની રીટમાં હાઈકોર્ટે રાજય સરકાર અને સ્થાનિક સત્તાવાળાઓને ગિરનાર પર્વત પર પ્લાસ્ટીકના ઉપયોગ પર સદંતર પ્રતિબંધ લાદવા નિર્દેશ કર્યો હતો. હાઈકોર્ટે સ્પષ્ટ કર્યુ હતું કે, માત્ર પ્લાસ્ટીક ઉપર પ્રતિબંધ મુકવાથી નહી ચાલે પરંતુ પ્લાસ્ટીકનો ઉપયોગ અટકાવવા માટે કડક પગલાં લેવા પણ એટલા જ જરૂરી છે. ગિરનાર પર અંબાજી માતાજીના મંદિર અને દતાત્રેય ભગવાનના મંદિરની આસપાસની ગંદકી સહિતની તમામ સમસ્યાઓનું નિરાકરણ કરવા સરકાર અને સ્થાનિક સતાવાળાઓને હાઈકોર્ટે કડક તાકીદ કરી હતી.

કેસની સુનાવણી દરમ્યાન હાઈકોર્ટે જૂનાગઢ કલેકટર સહિતના સત્તાવાળાઓની કામગીરી સામે પણ સવાલ ઉઠાવ્યા હતા અને એવી માર્મિક ટકોર પણ કરી હતી કે, સ્વચ્છતા અંગે સરકારની અનેક સ્કીમ છે પરંતુ તેના અમલ માટે ઈચ્છા શક્તિનો અભાવ દેખાઈ રહયો છે. ગુજરાતની નામના સાંભળી લોકો ગુજરાત પ્રવાસે આવી રહયા છે પરંતુ ગુજરાત આવી તેઓ કહે છે કે, અમે સાંભળ્યું એવું ગુજરાત નથી. હાઈકોર્ટે સવાલ કર્યો હતો કે, જૂનાગઢ કલેકટર શું કરી રહયા છે. અમારે બહાના કે ખુલાસ નહી પરંતુ પરિણામલક્ષી કામગીરી અને તેની અમલવારી જોઈએ છે. હાઈકોર્ટે સરકાર અને સતાવાળાઓને છેલ્લી તક આપી હતી અને ત્યાં સુધીમાં સંબંધીત સમસ્યાઓનું નિવારણ લાવવા માટે કડક તાકીદ કરી હતી.

હાઈકોર્ટે પ્લાસ્ટીકની બોટલો અને અન્ય ડિસ્પોઝેબલ ચીજવસ્તુઓના ઉપયોગને ટાળી શકાય તેવી વૈકલ્પિક વ્યવસ્થા વિચારવા અને તેને અમલી બનાવવા સરકારને જણાવ્યું હતું. જેમાં સ્ટીલની બોટલોનો ઉપયોગ તેમ જ પાણીના જગ કે વોટર કિઓસ્ક ઉભા કરવા બાબતે પણ હાઈકોર્ટે સતાવાળાઓને સુચન કર્યા હતા. ગિરનાર પર્વત પર ગંદકી અને કચરાના બિનઆરોગ્યપ્રદ વાતાવરણને લઈ એડવોકેટ અમિત પંચાલ દ્વારા દાખલ કરાયેલી પીઆઈએલમાં અગાઉ હાઈકોર્ટે શબરીમાલા અને વૈષ્ણોદેવી મંદિરની સ્વચ્છતા પરથી સરકાર કંઈ બોધપાઠ લે તેવી માર્મિક ટકોર કરી સરકારને ફટકાર પણ લગાવી હતી. ત્યાર બાદ સરકારી તંત્ર હરકતમાં આવ્યું હતું. અગાઉ પણ હાઈકોર્ટે સરકારપક્ષને ટકોર કરી હતી કે, જો તમે પ્લાસ્ટીક ઉપર પ્રતિબંધ નહી ફરમાવો તો તમે લોકોને આવી બોટલો યાત્રાધામમાં ફેંકતા રોકી નહી શકો. કારણ કે સામાન્ય જનતા આ વિષયને લઈ એટલી ગંભીર કે જાગૃત નથી. પ્લાસ્ટીકની બોટલોના ઉપયોગના દુષણને નાથવા કોઈ ચોકકસ પગલા લેવા જોઈએ.

# ઉના-દિવ વચ્ચે નલીયા માંડવી નજીક સફારી પાર્ક બનાવવાની વનતંત્રની બેવડી નિતી સામે અનેક સવાલો

## સિંહોના મહામુલા વિસ્તાર પર વન વિભાગની તરાપ સામે રોષ



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૧

એશિયાટીક સિંહોનું જયાં આશ્રય સ્થાન અને અને રહેઠાણ ગણાય છે તેવા વિસ્તારમાં વન વિભાગ દ્વારા સફારી પાર્ક બનાવવાના મુદ્દે સરકાર અને વનતંત્રના બેવડા ધોરણો સામે આવ્યા છે. પ્રવાસન માટે સાવજની સ્વતંત્ર ઉપર કાપ મુકવાની હિલચાલ સામે વન્ય જીવદયા પ્રેમીઓમાં ભારે રોષની લાગણી ઉઠવા પામી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર ઉના-દિવ વચ્ચે નલીયા માંડવી નજીક સફારી પાર્ક બનાવવાની વનતંત્રની બેવડી નીતિ સામે અનેક સવાલો ઉઠયા છે. એક તરફ સિંહોના સંરક્ષણ માટે સૌથી મહત્વનું પાસુ ગણાતા આગામી ૧૦ વર્ષના મેનેજમેન્ટ પ્લાનમાં સ્પષ્ટ ઉલ્લેખ કરેલો છે કે સંવર્ધન વેસ્ટ કોસ્ટલનો વિસ્તાર સિંહો માટે ખુબ જ મહત્વનો છે. અને હવે તે જ વિસ્તાર પર સફારી પાર્કના નામે તરાપ મારી વન વિભાગ સિંહોનો નવો આવાસ છીનવી રહયા છે બીજી બાજુ દરીયાને અડીને આવેલા આ વિસ્તારમાંથી જ તાઉતે વાવાઝોડાએ પ્રવેશ કરી સમગ્ર પંથકને તબાહ કર્યો હતો. હવે તે વિસ્તારમાં સફારી પાર્ક બનાવવું કેટલું યોગ્ય એવા સવાલ ઉઠી રહયા છે. લોકોમાં સિંહ જોવાનો ક્રેઝ દિવસ દિવસે વધતો જાય છે. સરકારે પણ પ્રવાસનને આકર્ષવ માટે સાસણ દેવળીયા સફારી પાર્ક બાદ ધારી નજીક નવું આંબરડી સફારી પાર્ક બનાવી તેને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવ્યું છે. હજુ પણ સરકાર ઉના-દિવ વચ્ચે પ્રવાસીઓને આકર્ષવા નવો સફારી પાર્ક બનાવવાની તજવીજ હાથ ધરી છે. સફારી પાર્ક બનાવવામાં આવે તેનો સિંહપ્રેમીઓને કોઈ વિરોધ નથી પરંતુ જે જગ્યા પર સફારી પાર્ક બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે તેની સામે સિંહપ્રેમીઓમાં જબરો વિરોધનો સુર ઉઠયો છે કેમ કે આ આ સ્થળને ખુદ વન વિભાગે જ સરકારી રેકોર્ડ પર સિંહો માટે મહત્વનું ગણ્યું છે. હવે તે વિસ્તારને છીનવી લઈ સફારી પાર્ક બનાવવાનું સિંહો માટે ખુબ જ મોટું નુકશાનકર્તા સાબીત થાય તેમ છે. સરકારી ખરાબા કે બીજી જમીનમાં સફારી પાર્ક બનાવે તેની સામે કોઈ વિરોધ નથી.

વન વિભાગ દરીયા કાંઠે સફારી પાર્ક બનાવી સિંહો, અન્ય વન્યપ્રાણી અને સ્થાનિક લોકો પર મોટું જોખમ ઉભું કરી રહયો હોવાનું કહેવાય છે કેમ કે થોડા જ વર્ષો પહેલા આવેલું તાઉતે વાવાઝોડું પણ નલીયા માંડવીના આ દરીયાકાંઠા વિસ્તારમાં જ પ્રવેશ્યું હતું. સદનસીબે ત્યારે ત્યાં સફારી પાર્ક નહોતો. જો સફારી પાર્ક હોત તો શું સ્થિતી થઈ શકે તે કલ્પના કરવી જ રહે. સફારી પાર્ક દરીયા કાંઠે બનાવવામાં આવે તો તેની ફેન્સીંગ દરીયાના ક્ષારથી ટકવી પણ મુશ્કેલ છે. જે જગ્યા પર સફારી પાર્ક બનાવવાનો છે ત્યાંથી દરીયો ૨૦-૩૦ મીટર જ દુર છે. અગાઉના વર્ષોમાં ભાગ્યે જ વાવાઝોડું આવતું હતું. જયારે હવે વાવાઝોડાઓ આવવાની સંખ્યામાં પણ સતત વધારો થતો આવે છે. વાવાઝોડું દરીયાકાંઠે થી જ બહાર સ્થળ પર સફારી પાર્ક બનાવવાની ગંભીર બાબત કેમ ધ્યાનમાં નહી આવી હોય ?

# જૂનાગઢમાં રૂા.૧.૩૦ લાખ લઈને ધર્મની બહેને નિવૃત અંધશિક્ષકના લગ્ન કરાવ્યા, પત્નિ સોનાનું પેન્ડલ લઈને છુ

## પોરબંદરની મહિલા સહિત ૪ સામે પોલીસ ફરીયાદ : તપાસનો ધમધમાટ

જૂનાગઢ તા.૨૧

જૂનાગઢમાં બનેલા એક બનાવમાં રૂા.૧.૩૦ લાખ લઈને ધર્મની બહેને મધુરમ વિસ્તારની નાગરિક બેંક સોસાયટીમાં રહેતા નિવૃત્ત અંધ શિક્ષક નરેન્દ્રભાઈ માવજીભાઈ વાળા (ઉ.વ.૬૮)ના લગ્ન કરાવ્યા હતા અને બાદમાં પત્નિ સોનાનું પેન્ડલ લઈને ગુમ થઈ જતા પોરબંદરની મહિલા સહિત ચાર સામે છેતરપિંડી વિશ્વાસઘાતનો ગુનો નોંધવામાં આવ્યો છે.

નરેન્દ્રભાઈ વાળાએ સી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ૩૦ વર્ષ અગાઉ હું પોરબંદર ખાતે રહેતો હતો ત્યારે મારે પોરબંદરના નીલાભાઈ હરદાસભાઈ બાપોદરા સાથે મિત્રતા હતી અને તેમના પત્નિ મીનાબેને મને ભાઈ માન્યો હોય તેથી તેઓ વર્ષ ૨૦૨૨થી રાખડી બાંધે છે.

૨૧ જૂન ૨૦૨૨ના રોજ મારા બહેન નિર્મળાબેન અને મીનાબેન મારા ઘરે જુનાગઢ આવ્યા હતા અને તેમણે તમારા માટે અમે લગ્નનું ઠેકાણું ગોતી આપીશું જેથી તમારે બહારનું ટિફિન ખાવું ન પડે તેમ જણાવ્યું હતું. આ પછી નવ નવેમ્બર ૨૦૨૨ના રોજ મીનાબેન ભેસાણ તાલુકાના હડમતીયા ગામના યુનુસ ઉર્ફે સબ્બીર ઈસ્માઈલભાઈ વિશળ સાથે આવેલ અને મીનાબેને જણાવેલ કે, યુનુસભાઈને તમારા લગ્ન માટે ઠેકાણું શોધવા માટે જણાવ્યું છે અને અત્યારે તમારૂ ઘર જોવા માટે મારી સાથે તેમને લઈ આવી છું. બાદમાં ગત ૨૮ ફેબ્રુઆરીએ આ બંને ઉપરાંત મહેસાણાના ખોડીયારવાસમાં રહેતી નૂરીબીબી સલુમીયા કુરેશી અને નરોડા અમદાવાદની આશાબેન રવિભાઈ ગુપ્તા આવ્યા હતા.

આશા સાથે પુના લગ્ન કરાવવાની વાત થઈ હતી અને રૂપિયા ૧.૩૦ લાખ આપવા એવું નક્કી થયું હતું. જે મુજબ વકીલ મારફત આશા સાથે પુનઃ લગ્ન કરાર કરી મીનાબેનને રૂપિયા ૧.૩૦ લાખ આપ્યા હતા. આ પછી મીનાબેન તેમજ યુનુસ ભાઈ અને નૂરી જતા રહ્યા હતા. બીજી તરફ પત્નિ મીના ૭ માર્ચના રોજ સવારે વિમલ લેવા જાઉં છું તેમ કહી કબાટમાંથી રૂપિયા ૬૦,૦૦૦ની કિંમતનું સોનાનું પેન્ડલ લઈને જતી રહી હતી.

આ અંગે નિવૃત્ત શિક્ષકે ફરિયાદ કરતા પોલીસે ચારેય વિરુદ્ધ છેતરપિંડી, વિશ્વાસઘાતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# ભાણવડ નજીક કારમાંથી લઈ જવાતો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૧

ભાણવડ તાલુકાના ઘુમલી વિસ્તારમાં સ્થાનિક પી.એસ.આઈ. એમ.આર. સવસેટાની સૂચના મુજબ સ્થાનિક પોલીસ સ્ટાફ દ્વારા હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમિયાન નિલેશભાઈ કારેણા, કિશોરસિંહ જાડેજા તેમજ વિપુલભાઈ હેરભાને મળેલી બાતમીના આધારે ભાણવડ તાલુકાના ઘુમલી ગામમાં એક મંદિર પાસેથી પસાર થતી જી.જે. ૩૨ કે. ૯૦૦૭ નંબરની વર્ના મોટરકારને પોલીસે અટકાવી, ચેકિંગ કરતા આ કારમાંથી વિદેશી દારૂની ૨૦૨ બોટલ મળી આવી હતી. આથી પોલીસે રૂ. ૬૧,૬૦૦ ની કિંમતના પરપ્રાંતિય શરાબ તથા રૂપિયા સાડા ચાર લાખની કિંમતની કાળા કલરની વર્ના મોટરકાર ઉપરાંત રૂ. ૩,૦૦૦ ની કિંમતનો એક મોબાઈલ ફોન મળી, કુલ રૂપિયા ૫,૧૪,૬૦૦ ના મુદ્દામાલ સાથે ખંભાળિયા તાલુકાના બજાણા ગામના રહીશ જયદીપ ભીખાભાઈ ભાદરકા (ઉ.વ. ૩૦) અને નાઘેડી ગામના જયદીપ ઉર્ફે દીપુડો લાખાભાઈ લગારીયા (ઉ.વ. ૨૪) નામના બે શખ્સોને ઝડપી લીધા હતા.

આ પ્રકરણમાં હનુમાનગઢ ગામના લખન કેશુભાઈ ગોઢાણીયાનું નામ પણ ખુલતા પોલીસે હાલ તેને ફરાર ગણી, પ્રોહિબીશન એકટ મુજબ ધોરણસર કાર્યવાહી હાથ ધરી છે.

# સરગવાડાથી ભવનાથ જતા યુવાન અને તેના મિત્રો ઉપર પાઈપ-ધોકા-છરી વડે હુમલો : છ સામે ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર)

જૂનાગઢ તા.૨૧

જૂનાગઢ તાલુકાના સરગવાડા ગામનો એક યુવાન તેના મીત્રો સાથે ભવનાથ તરફ જઈ રહયા હોય દરમ્યાન તે વખતે તેમની ઉપર લાકડાના ધોકા અને છરી જેવા હથીયારો સાથે ૬ શખ્સોએ હુમલો કર્યાનો બનાવ પોલીસ દફતરે નોંધાયો છે. તાલુકા પોલીસે આ હુમલાના બનાવ અંગે કુલ ૬ શખ્સો સામે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી. આ બનાવ અંગે તાલુકા પોલીસે આપેલી વિગત અનુસાર સરગવાડા ગામનો હિમાંશુ ગોબરભાઈ વાઘેલા (ઉ.વ.૨૨) મંગળવારની રાત્રે કુલદીપ પુનાભાઈ ખાંભલા, ઉત્તમ રસિકભાઈ સોલંકી અને અજયસિંહ મનુભા સોનાગ્રા સહિતનાઓ સાથે સરગવાડાથી ભવનાથ જતા હતા તે દરમ્યાન સરગવાડા ગામ ફાટક પાસે સરગવાડાના મોસીન મમદ નોઈડાએ બાઈક પર આવી ચારેય યુવાનોની બાઈકને કાવો લગાવી આગળ થયો હતો. બાદમાં મોસીન ઉપરાંત મસ્તુ મમદ નોઈડા, હુસેન હનીફ, અયાન અબડા, શાહબાજ નોઈડા અને અલી હારૂન ઠેબાએ દાદાગીરી કરવા અને ધાક જમાવવા માટે હિમાંશુ તેમજ કુલદીપ, ઉત્તમ, અજયસિંહ, સુરેશ, જીગુ અને કિશનને લાકડાના ધોકા, પાઈપ, છરી તથા ઢીકાપાટુથી માર માર્યો હતો. હુમલો કરી અને ધમકી આપી તમામ ઈસમો નાસી ગયા હતા. આ અંગેની ફરિયાદના આધારે તાલુકા પોલીસે મુસ્તુ મમદ નોઈડા, મોસીન મમદ નોઈડા, હુશેન હનીફ નોઈડા, અયાન અબડા, શાહબાજ નોઈડા, રહે.તમામ સરગવાડા તેમજ અલી હારૂન ઠેબા રહે.સાબલપુરવાળા વિરૂધ્ધ કલમ ૩૨૫, ૩૨૩, ૫૦૬(૨), ૨૯૪(ખ), ૧૪૩, ૧૪૪, ૧૪૭, ૧૪૮, ૧૪૯ જીપી એકટ ૧૩૫ મુજબ ગુનો નોંધીને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

'કર્મ કીયે જા, ફલ કી ચિંતા, મત કર તું ઈન્સાન યે.. હૈ.. ગીતા કા જ્ઞાન.. યૈ... હૈ... ગીતા કા જ્ઞાન'

# સોમનાથની પાવનકારી હરિભૂમિ ઉપર આવતીકાલે 'ગીતા જયંતિ' ની થશે ઉજવણી

**ગીતાના ગાયક ભગવાન શ્રીકૃષ્ણનું સ્વધામ ગમન તીર્થ છે પ્રભાસ, પ્રભાસના ગીતા મંદિરમાં શ્રીમદ ભગવદ ગીતાના અઢાર અધ્યાયો સ્તંભો ઉપર અંકિત થયેલા છે**

(મીનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૨૧

જગતભરમાં માત્ર આ એક એવો પાવનકારી ગ્રંથ છે જેની જયંતિ મનાવવામાં આવે છે. હરિ હરના ધામ પ્રભાસ તીર્થમાં આવતીકાલે ગીતા જયંતિની ભાવભકિતથી ઉજવણી કરાશે. પ્રભાસ તિર્થના ગોલોકધામ ક્ષેત્ર કે જયાંથી ભગવાન શ્રીકૃષ્ણએ સ્વધામ પ્રસ્થાન કર્યુ એ પાવનભૂમિમાં આવેલ ગીતા મંદિર ખાતે ગીતા જયંતિ નિમિતે ગીતાજીના ગ્રંથનું વિશેષ પૂજન




આરતી, ગીતા પાઠ યોજાય છે અને સ્વાધ્યાય પરિવાર દ્વારા પણ ગીતા પાઠ કરવામાં આવે છે. ગીતાજીના અઢાર સ્વાધ્યાય સ્તંભો ઉપર અંકિત ગીતા મંદિર ખાતે આવેલ છે. ગીતાજી અને ભગવાન શ્રીકૃષ્ણએ આ તીર્થમાં પોતાના ચરણરજથી પાવનમય બનાવેલ છે. તેવા ભાલકા તીર્થ, દેહોત્સર્ગ, ચરણપાદુકાના પાવનમય શ્રધ્ધા સ્થાનો પવિત્ર ત્રિવેણી સંગમ તટે આવેલા છે.

**નામ બદલેલ છે**
મારૂ નામ
જશવંતીબેન જમનાદાસ રાખોલીયા
થી બદલીને નવું નામ
જશુબેન જમનભાઈ રાખોલીયા
રાખેલ છે. 37, બાપુનગર સોસાયટી, જોષીપુરા, જૂનાગઢ- 362001

**નામ બદલેલ છે**
મારૂ નામ
જમનાદાસ રણછોડભાઈ રાખોલીયા
થી બદલીને નવું નામ
જમનભાઈ રણછોડભાઈ રાખોલીયા
રાખેલ છે. 37, બાપુનગર સોસાયટી, જોષીપુરા, જૂનાગઢ- 362001

Rajendrabhai Duvani
98255 16265
SURAJ
Agro Industries
Near Rachna, Weigh bridge, Rajkot Road, Dolatpara, Junagadh-362001

ભગંદર, હરસ-મસા, ફિશર
સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર
આયુર્વેદ-પંચકર્મ દ્વારા નવા-જૂના રોગોની સારવાર
અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર
બાળકો માટે સુવર્ણપ્રાશન
વ્યસનમુક્તિ સારવાર
ડો. શ્રેયસ જી. ભાલોડિયા
M.S. (Ayurved) Shalya
જુનાગઢ : સોમ-શુક્ર-શનિવાર
રાજકોટ : મંગળ-બુધ-ગુરૂવાર
રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી
ૐ આયુર્વેદ હોસ્પિટલ
પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર, એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨
મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫
Aum Ayurved Hospital e_mail : aum.ayurved.hospital@gmail.com

ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
● કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

# માંગરોળના નગીચાણા ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાને ગ્રામજનોનો ઉમળકાભેર આવકાર

## ગ્રામજનોને કેન્દ્ર-રાજ્ય સરકારની પ્રજાલક્ષી યોજનાઓનો લાભ લેવા પ્રેરિત કરાયા





જૂનાગઢ, તા.૨૧

માંગરોળના નગીચાણા ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું ગ્રામજનોએ ઉમળકાભેર આવકાર આપ્યો હતો. આ પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં કેશોદના ધારાસભ્ય દેવાભાઈ માલમની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી અને તેમના હસ્તે કેન્દ્ર રાજ્ય સરકારની વિવિધ યોજનાઓના લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે જ ગ્રામજનોને કેન્દ્ર-રાજ્ય સરકારની પ્રજાલક્ષી યોજનાઓનો લાભ લેવા માટે પ્રેરિત કરવામાં આવ્યાં હતા.

આ તકે આયોજિત હેલ્થ કેમ્પના માધ્યમથી ગ્રામજનોએ ટીબી સ્ક્રિનિંગ ઉપરાંતની આરોગ્ય સેવાઓ લાભ મેળવ્યો હતો. ધરતી કહે પુકાર કે લઘુ નાટકના માધ્યમથી ગ્રામજનોને પ્રાકૃતિક ખેતી માટે પણ પ્રેરિત કરવામાં આવ્યા હતા.ઉપરાંત વિવિધ જન કલ્યાણકારી યોજનાઓના લાભાર્થીઓએ મેરી કહાની, મેરી જુબાની અંતર્ગત પોતાના પ્રતિભાવો આપ્યા હતા. નલ સે જલ યોજનાના સફળ અમલીકરણ માટે ગ્રામ પંચાયતને અભિનંદન પત્ર એનાયત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે અગ્રણી ભાવેશભાઈ ડાભી, તાલુકા પંચાયતના સદસ્ય રામજીભાઈ સરપંચ મસરિભાઈ પીઠિયા સહિતના અગ્રણીઓ અને જુદા જુદા વિભાગના કર્મચારીઓ તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# કલેકટર અનિલકુમાર રાણાવસિયાના અધ્યક્ષતામાં પ્રજાસત્તાક દિનની રાજ્ય કક્ષાની ઉજવણી સંદર્ભે બેઠક યોજાઈ

## ધ્વજ વંદન સહિતના કાર્યક્રમની રૂપરેખા ઘડવા માટે જરૂરી પરામર્શ કરાયો




જૂનાગઢ, તા.૨૧

કલેકટર અનિલકુમાર રાણાવસિયાના અધ્યક્ષસ્થાને રાષ્ટ્રીય પર્વ ૨૬મી જાન્યુઆરીની રાજ્યકક્ષાની ઉજવણીના સંદર્ભે સંબંધિત અધિકારીઓ સાથે બેઠક યોજવામાં આવી હતી.

કલેકટર કચેરી ખાતે મળેલી આ બેઠકમાં પ્રજાસત્તાક પર્વના અનુસંધાને યોજાતા એટ હોમ, સાંસ્કૃતિક કાર્યક્રમ અને ધ્વજ વંદન કાર્યક્રમ માટે જરૂરી વ્યવસ્થાઓ બાબતે પરામર્શ કરવામાં આવ્યો હતો. આ બેઠકમાં ધ્વજ વંદન માટેના મિનિટ ટુ મિનિટ એટલે કે સમગ્ર કાર્યક્રમની રૂપરેખા ઘડવા માટે વિશદ ચર્ચા વિસ્તરણ કરવામાં આવી હતી. કલેકટરે પ્રજાસત્તાક દિનની રાજ્યકક્ષાની ઉજવણી ગરીમામય માહોલમાં યોજાઈ તે માટે રાષ્ટ્રીય પર્વની ઉજવણીના પૂર્વ અનુભવોને ધ્યાને લઈ જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપી હતી. રાષ્ટ્રીય પર્વની ઉજવણીમાં પ્રજાજનો પણ ઉત્સાહપૂર્વક સહભાગી થાય તે માટે પણ ચર્ચા કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, રાષ્ટ્રીય પર્વની રાજયકક્ષાની ઉજવણીની સુચારુ વ્યવસ્થાઓ કરવા માટે ૨૦ જેટલી સમિતિઓની રચના કરવામાં આવી છે. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી મિરાંત પરીખ, મ્યુનિસિપલ કમિશ્નર રાજેશ તન્ના, નિવાસી અધિક કલેકટર પી.જી. પટેલ અને જુદી જુદી સમિતિઓના વડા ઉપસ્થિત રહ્યા હતા.

# સુત્રાપાડાના વડોદરા ઝાલા ગામે આરઓ પ્લાનનો વિરોધ

## દરિયાના ખારા પાણીને મીઠું કરવાના પ્રોજેક્ટના ખાત મુહર્ત સમયે ગામ.લોકો અને ખેડૂતો એ વિરોધ કર્યો





(જાદવ ભોળા દ્વારા)

લોઢવા, તા. ૨૧

સુત્રાપાડાના વડોદરા ઝાલા ગામ જયા સમુદ્રના ખારા પાનીને મીઠું કરવાના આર.ઓ પ્લાન આકાર પામવાનો છે જેનું કામ પણ એક ખાનગી કંપનીને સોંપાય ગ્યું છે અને તેની ખાત મુહૂર્ત હતું. કંપનીના અધિકારીઓ અહી પોલીસ પ્રોટેકશન સાથે પહોચ્યા હતા કારણ કે ગામ લોકો વિરોધ કરવાના હતા. અહી ગામના સ્થાનિક નેતાઓ અને ખેડૂતો વિરોધ માટે પહોચ્યા હતા. અહીંના ખેડૂતોનો આરોપ છે કે પ્રોજેકટ માટે ગોચરની ૭૫ વીઘા જમીન પ્રોજેક્ટ ને ફાળવી દેવાય છે જેના કારણે આ જમીનમાંથી ખેડૂતોના અંદાજે ૨૦ જેટલા કુવા અને પાણીની અનેક પાઈપ લાઈન ખેડૂતોની છે જે પ્રોજેક્ટ બનવાના કારણે ખેડૂતોને ભારે નુકશાન થાય તેમ છે જેના કારણે ખેડૂતો અને ગામલોકો વિરોધ કરી રહ્યા છે. ગામના આગેવાન ભગીરથસિંહ ઝાલાએ મીડિયાને પ્રતિક્રિયા આપતા કહ્યું છે કે આ પ્રોજેક્ટ સરકારી છે અને પ્રશાસને પ્રોજેક્ટ માટે ૭૦ વીઘા જેટલી ગોચરની જમીન ફાળવી દીધી છે એટલુ જ નહિ ગ્રામપંચાયત દ્વારા પ્રોજેક્ટ સુધી જવાના રસ્તાની જમીન ફાળવવામાં નથી આવી ગ્રામપંચાયત રસ્તાની જમીન ન આપવા પણ ઠરાવ કર્યો હતો જોકે. પશનાવડા ગામેથી સરકારે રસ્તાની જમીન ફાળવી હોવાનું જાણવા મળી રહ્યું છે જેના કારણે અમે વિરોધ કરી રહ્યા છે. અમે પ્રોજેટક અને રસ્તાનો વિરોધ કરીએ છીએ. છતાં પણ પ્રોજેક્ટ આવતો હોય તો અમારા ગામના લોકોને રોજીરોટી આપવામાં આવે તેવી સ્થાનિક આગેવાનો એ માંગ કરી છે. જાણવા મળ્યું છે કે સરકાર અહી ૩૦ એમએલડીનો પ્લાન નિર્માણ કરી રહી છે જે કામ ખાનગી કંપનીને સોંપવામાં આવ્યું છે હાલ. તો વડોદરા ઝાલા ગામે ખાત મુહતનાં દિવસે જ વિરોધ ઉઠ્યો છે ત્યારે પ્રોજેક્ટ આકાર પામે તે પહેલા શું વાટાઘાટા થાય તે જોવું રહ્યું.

# જૂનાગઢમાં જીલ્લા કક્ષા બાળ નાટ્ય અને બાળ નૃત્ય નાટિકા સ્પર્ધા યોજાશે

જૂનાગઢ, તા.૨૧

રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર અને કમિશ્નર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, ગાંધીનગર આયોજીત તેમજ જિલ્લા યુવા વિકાસ અધિકારી, જૂનાગઢ દ્વારા સંચાલિત જિલ્લાકક્ષા બાળ નાટ્ય અને બાળ નૃત્ય નાટિકા સ્પર્ધાનું આયોજન હાથ ધરવામાં આવનાર છે.

આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતી જૂનાગઢ જિલ્લાની શાળા, સંસ્થા મારફત ૭ થી ૧૩ વર્ષના બાળકોનું રજીસ્ટ્રેશન કરાવી શકશે. રજુઆતનો સમય ઓછામાં ઓછો ૩૦ મીનીટ અને વધુમાં વધુ ૪૫ મીનીટનો રહેશે. બાળ નાટકમાં ભાગ લેનાર બાળકો તરીકે વધુમાં વધુ ૧૫ અને ૮ સહાયકો લાવી શકાશે. બાળ નૃત્ય નાટિકામાં વધુમાં વધુ ૨૫ પાત્રો અને ૮ સહાયકોને લાવી શકશે. એકની એક વ્યક્તિ ૨, ૩ જુદા-જુદા પાત્રમાં ભાગ લઈ શકશે. આ સ્પર્ધાનું નિયત નમુનાનું ફોર્મ ભરીને તા. ૩૧/૧૨/૨૦૨૩ બપોરે ૧૨:૦૦ કલાક સુધીમાં કચેરીના કામકાજના દિવસો દરમિયાન તથા કચેરી સમય દરમિયાન જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ૧/૧ બહુમાળી ભવન, સરદારબાગ, જૂનાગઢ-૩૬૨૦01 ખાતે જમાં કરવાના રહેશે. આ ફોર્મ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી અથવા ફેસ બુક આઈ.ડી. **Dydo Junagadh city** ઉપરથી મળી શકશે. વધુ માહિતી માટે અત્રેની કચેરીના સંપર્ક નં. ૦૨૮૫ ૨૬૩૦૪૯૦ ઉપર સંપર્ક કરવો.

# ૭ થી ૧૩ વર્ષના બાળકો માટે બાળ પ્રતિભા શોધ સ્પર્ધામાં જોડાવાની ઉમદા તક

જૂનાગઢ, તા.૨૧

રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતીઓ વિભાગ, ગાંધીનગર અને કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર આયોજીત, જિલ્લા યુવા વિકાસ અધિકારી, જૂનાગઢ સંચાલિત જિલ્લાકક્ષા બાળ પ્રતિભા શોધ સ્પર્ધા ૨૦૨૩-૨૪ નું આયોજન કરવામાં આવનાર છે. જેમાં ભાગ લેવા ઈચ્છુક ૭ થી ૧૩ વર્ષના બાળકો બે વયજુથ ૭ થી ૧૦ વર્ષ ''અ'' વિભાગ તથા ૧૧થી ૧૩ વર્ષના ''બ'' વિભાગમાં અને ૭ થી ૧૩ વર્ષના ખુલ્લા વિભાગમાં ભાગ લઈ શકશે. વકતૃત્વ, નિબંધ, દોહા-છંદ-ચોપાઈ, લોકવાર્તા, સર્જનાત્મક કારીગીરી, ચિત્રકલા, લગ્નગીત, લોકવાદ્ય સંગીત, એકપાત્રીય અભિયન, લોકગીત, ભજન, સમુહગીત અને લોકનૃત્ય સ્પર્ધાનો સમાવેશ થયેલ છે. આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક ઉમેદવારોએ શાળા મારફત ભાગ લેવાનો રહેશે. આ સ્પર્ધાના નિયત ફોર્મ જે તે પ્રાથમિક શાળા અથવા જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી અથવા ફેસ બુક આઈ.ડી. **Dydo Junagadh city** પરથી મળી શકશે. વધુ માહિતી માટે અત્રેની કચેરીના સંપર્ક નં. ૦૨૮૫ ૨૬૩૦૪૯૦ પર સંપર્ક કરવો. આ સ્પર્ધા ના નિયત ફોર્મ તા. ૨૭/૧૨/૨૦૨૩ સુધીમાં જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, બ્લોક નં. ૧, પ્રથમ માળ, બહુમાળી ભવન, સરદારબાગ, જૂનાગઢ ખાતે એન્ટ્રી ફોર્મ રૂબરૂ પહોચાડવાના રહેશે.

# તુલસી ચાએ ચલાળા સ્થિત કન્યા શાળામાં ટ્રાન્ફોર્મેશન પ્રોગ્રામ માટે પહેલ કરી

## આ પ્રોગ્રામ હેઠળ તુલસી ચા એ ગેરહાજરી ઘટાડવામાં અને વિદ્યાર્થીઓ માટે વધુ અનુકૂળ શિક્ષણ માટે નો માહોલ બનાવવામાં મદદ કરી

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૨૧

ગુજરાતની સૌથી લોકપ્રિય ચા ની બ્રાન્ડ્સ પૈકી એક તુલસી ચાએ અમરેલી સ્થિત ચલાળા ગામની કન્યા શાળામાં ૨૮૮ વિદ્યાર્થીઓના જીવનમાં શૈક્ષણિક પરિવર્તન લાવવા ટ્રાન્સફોર્મેશન પ્રોગ્રામ શરૂ કર્યો છે, જેના દ્વારા કંપની તેમના શૈક્ષણિક જીવનમાં પરિવર્તન સાથે અનુકૂળ માહોલ બનાવવા માગે છે. કાર્યક્રમના ભાગરૂપે, તુલસી ચા એ તેની કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (**CSR**) હેઠળ ચલાળાની ચલાળા કન્યા પ્રાથમિક શાળામાં સૌ વિદ્યાર્થિનીઓને ચોક્ખું અને પીવાલાયક પાણી મળી રહે તેમજ હાથ ધોવા માટે શૌચાલયમાં સ્વચ્છ પાણીની સુવિધા ઉપલબ્ધ કરાવી છે. તદુપરાંત યંગ અનસ્ટોપેબલ હેઠળ વિદ્યાર્થિનીઓના તંદુરસ્ત સ્વાસ્થ્ય અને સ્વચ્છતા ના માપદંડોને વેગ આપવામાં આવ્યો છે. તુલસી ચાના મેનેજિંગ ડિરેક્ટર હરેશ કાથરોટીયાએ જણાવ્યું હતું કે, ''ઘણી શાળાઓમાં પર્યાપ્ત શૌચાલય-હાથ ધોવા માટેની સુવિધાઓનો અભાવ તથા સ્વચ્છ પાણીની અછત એ એક મહત્વનો મુદ્દો છે કારણ કે તે એકંદર સ્વચ્છતા અને આરોગ્યને અસર કરે છે, તેમજ વિદ્યાર્થીઓની શીખવાની



ધગશને અવરોધે છે. અમે ચલાળામાં સ્કૂલ ટ્રાન્સફોર્મેશન પ્રોગ્રામ હાથ ધરી વિદ્યાર્થીઓના જીવનમાં પરિવર્તન લાવવાની તક મળવા બદલ ઉત્સુક છીએ. આ પ્રોગ્રામ શાળામાં જોવા મળતી ઓછી ગેરહાજરીમાં વધારો કરશે અને સારી શૈક્ષણિક સુવિધાઓ મારફત સાનુકૂળ માહોલ ઉભો કરશે એવો અમને વિશ્વાસ છે. પ્રોગ્રામના ભાગરૂપે તુલસી ચા એ શાળામાં વિદ્યાર્થિનીઓ માટે કાયમી ડાઈનિંગ હોલના બાંધકામની કામગીરી શરૂ કરી છે. જે ૧૦૦થી વધુ લોકોની ક્ષમતા ધરાવતો ડાઈનિંગ હોલ બાળકોને અનુકૂળ અને સ્વચ્છ બેસવાની જગ્યા પર એક સાથે ભોજન (નાસ્તો) લેવાની સુવિધા પૂરી પાડે છે. ચલાળા કન્યા પ્રાથમિક શાળામાં સ્કૂલ ટ્રાન્સફોર્મેશન પ્રોગ્રામે ૨૮૮ વિદ્યાર્થિનીઓને શાળામાં ક્લિન અને સુરક્ષિત પીવાના પાણી અને હાથ ધોવા માટે પણ પૂરતા પાણીની સુવિધા સુનિશ્ચિત કરતાં લાભ આપ્યો છે. જે તુલસી ચા ની સમાજ પ્રત્યેનુ ઋણ અદા કરવાની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

# નણંદ સાથે ઝઘડો થતા ઘરેથી નિકળેલ મહિલાને તેમના પરિવાર સાથે પુનઃ મિલન કરાવતી કેશોદ ૧૮૧ મહિલા હેલ્પલાઈન

જૂનાગઢ, તા.૨૧

વંથલી અને માણાવદર હાઈવે પરથી એક મહિલા મળીઆવેલ છે તેવુ એક જાગૃત નાગરિક દ્વારા ૧૮૧ મહિલા હેલ્પલાઈનમા જાણ કરતા ૧૮૧ની ટીમના ફરજ પરના કર્મચારી પ્રિયંકા ચાવડા તથા સહ સ્ટાફ સ્થળ પર દોડી ગયા હતા.

મહિલાને મળીને સાંત્વના આપીને તેમનુ કાઉન્સેલિગ કરતા જાણવા મળેલ કે, વંથલી તાલુકાના એક ગ્રામ્ય વિસ્તારમાં તેઓ ખેતી કામ કરે છે. તેઓ તેમના નણંદ સાથે રહે છે. તેમના પતિ કામ બાબતે બહારગામ ગયેલ હોય અને આજ રોજ મહિલા અને તેના નણંદ અને નણંદોયા સાથે ઝગડો થયેલ મહિલાને તેમના નણંદે ઘરની બહાર કાઢી મુકેલ રાત્રીનો સમય હોય અને મહિલા રોડ ઉપર દુકાન પાસે આવી ગયા હતા. જેથી મહિલાને તેમની વાડીએ લઈ જઈ મહિલાના નણંદ અને નણંદોયાનુ ૧૮૧ની ટીમના કાઉન્સેલરે કુશળ કાઉન્સેલિગ કરીને સમજાવે મહિલા અને તેના નણંદ ને યોગ્ય માર્ગદર્શન, સલાહ, સુચન આપી અને મહિલા અને તેના નણંદનુ સ્થળ ઉપર સુખદ સમધાન કરાવ્યુ હતું અને મહિલાને તેમના પરિવાર સાથે પુનઃ મિલન કરાવ્યું હતું.

# કેશોદનાં વિવિધ વોર્ડમાં સુર્ય નમસ્કાર યોગ સ્પર્ધા યોજાઈ



જૂનાગઢ, તા.૨૧

દેશ વિદેશમાં આજે યોગ શબ્દ ખુબ જ પ્રચલિત થઈ રહયો છે. ઋષિ મુનિઓએ જેનું મહત્વ સમજાવ્યુ છે એવા યોગ વિશે માનવી આજે જાગૃત થયો છે, યોગનો અર્થ સમજીએતો યોગસૂત્રના રચનાકાર મહર્ષિ પતંજલી યોગની વ્યાખ્યા આપતાં કહે છે યોગચિતવૃત્તિનિરોઘ અર્થાત યોગ એટલે ચિત્તની વૃત્તિઓનો નિરોઘ. આપણું મન (ચિત્ત) અનેક પ્રકારની વૃત્તિઓથી ઘેરાયેલુ છે. જે મનને સ્થિર રહેવા દેતું નથી. આપણુ મન ખુબ જ ચંચળ અને અસ્થિર હોય છે. યોગ મનને સ્થિર રાખવા માટેનું ઉત્તમ સાધન છે.યોગ પ્રણાલીઓ તથા સાહિત્યના સુવ્યવસ્થિત દસ્તાવેજીકરણ દ્વારા આ ક્ષેત્રની જાણકારી અને વિકાસમાં મોટો ફાળો આપ્યો છે. પ્રાચીન સમયથી આજ સુધી વિખ્યાત યોગ ગુરૂઓના ઉપદેશો દ્વારા યોગનો તમામ વિશ્વમાં ફેલાવો થયો છે. રોગનિવારણ, સ્વાસ્થ્યની જાળવણી તથા વૃદ્ધિ માટે યોગ પ્રણાલી ઉપર સહુને દઢ વિશ્વાસ છે. સમસ્ત વિશ્વમાં લાખો લોકોને યોગાભ્યાસ દ્વારા લાભ થયો છે અને યોગ પ્રથા દિવસેને દિવસે વધુ ને વધુ ફાલતી ને સ્પંદિત થતી જાય છે. ત્યારે જૂનાગઢ જિલ્લાનાં કેશોદ શહેરનાં વિવિધ વોર્ડમાં આજથી સુર્યનમસ્કાર યોગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ છે. આ સ્પર્ધામાં વિજેતા સ્પર્ધકોને પ્રોત્સાહક ઈનામ પણ એનાયત થનાર હોવાનું યોગ બોર્ડનાં ગૌરાંગ નરેએ જણાવ્યું હતું. આ તકે સાવલીયા જલ્પાબેને કેશોદ શહેરમાં સુર્યનમસ્કાર યોગ સ્પર્ધાની જાણકારી આપી હતી અને યોગથી થતા લાભોની વિગતો રજુ કરી હતી. બંસી પાનસુરીયાએ સુર્યનમસ્કાર સ્પર્ધામાં જોડાઈને સૌએ પોતાનાં સ્વાસથ્ય સંદર્ભે જાગૃત થવા જણાવ્યું હતું.

# જૂનાગઢની ચેલેન્જ સ્કેટ એકેડેમીના પરાગભાઈ કારીયા દ્વારા ૬ઠ્ઠી ઓપન ગુજરાત કોમ્પીટીશન યોજાઈ





જૂનાગઢ, તા.૨૧

જૂનાગઢની ચેલેન્જ સ્કેટ એકેડેમીના પરાગભાઈ કારીયા દ્વારા સતત છઠ્ઠા વર્ષે **6th Open Gujarat Skating compªition** નું ભવ્ય આયોજન " ગીરનાર પબ્લિક સ્કૂલ ખાતે કરવામાં આવ્યું હતું જેમાં નડિયાદ, પોરબંદર, જામનગર, ભાવનગર, બોટાદ, કોડીનાર જેવા સેન્ટરો માંથી કુલ ૪૨૮ જેટલા સ્પર્ધકોએ ઉત્સાહભર ભાગ લીધો હતો.

આ તકે જૂનાગઢના ધારાસભ્ય એવા સંજયભાઈ કોરડીયાએ વિસલ મારીને સ્પર્ધાની શરૂઆત કરાવી હતી તથા જામનગર થી સ્કેટિંગ માટે આવેલા દિવ્યાંગ બાળકને મેડલ પહેરાવી સન્માનિત કર્યું હતું. આ તકે પોતાના વક્તવ્ય દરમિયાન શ્રી સંજયભાઈ એ આ પ્રકારની સ્કેટિંગની સ્પર્ધાઓ માટે જુનાગઢ ના ઝફર મેદાન માં સુવિધા ઉભી થશે એવો આશાવાદ પ્રગટ કર્યો હતો. આ તકે સરદાર પટેલ કેળવણી મંડળના જે.કે. ઠેસિયા, ગિરનાર પબ્લિક સ્કૂલના પ્રિન્સિપાલ ભાવિનભાઈ ચોલેરા, ગોંડલ ધોળકિયા ઈન્ટરનશનલ સ્કૂલના શ્રીમતી.આકાંક્ષા મેડમ પ્રસ્થાન ગ્રુપના આનંદભાઈ ભટ્ટ વગેરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ તકે સ્પર્ધકો દ્વારા નોન સ્ટોપ ૧૦૧ મિનિટ સ્કેટિંગ કરવામાં આવ્યું હતું. આ તકે સ્પર્ધકો દ્વારા ફાયર જમ્પ, બાઈક જમ્પ તેમજ એક સાથે નીચે સૂતેલા બાર લોકોને જંપ મારીને સ્કેટિંગ પહેરીને કૂદી શકવાના સાહસિક કરતબો બતાવ્યા હતા. આ સ્પર્ધામાં ઉપસ્થિત રહેલા તમામ સ્પર્ધકોને તથા તેમના કોચિશ ને શીલ્ડ મેડલ, તથા સર્ટિફિકેટ આપીને આ તકે સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સમગ્ર સ્પર્ધા દરમ્યાન જૂનાગઢના જાણીતા એન્કર ચેતન રૂપારેલીયાએ ઉત્સાહ સાથે સમગ્ર કાર્યક્રમનો ટેમ્પો જાળવી રાખ્યો હતો.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

# જાતિગત ગણનાનો લાભ ઉઠાવવા રાજકીય પક્ષોનાં પ્રયાસ

હાલમાં જ પાંચ રાજ્યોમાં ચૂંટણીઓ થઈ. તેમાંથી ત્રણમાં ચૂંટણી પ્રચાર દરમ્યાન જાતિગત વસતી ગણતરીના મુદ્દાને આક્રમક રીતે ઉઠાવવાનો કોંગ્રેસને ખાસ ફાયદો ન મળ્યો. ચૂંટણી પરિણામો દર્શાવે છે કે આ મુદ્દો મતદારોના ફેંસલાને નિર્ણાયક રીતે પ્રભાવિત ન કરી શક્યો. ત્યારબાદથી માનવામાં આવે છે કે હવે કદાચ આ મુદ્દાને પહેલાં જેટલું મહત્ત્વ ન મળે. પરંતુ એ જોવું દિલચસ્પ છે કે પરોક્ષ રૂપે ભલે, પણ આ મુદ્દો બંને જૂથોમાં પોતાનું મહત્ત્વ ધરાવે છે. કોંગ્રેસમાં, ખાસ કરીને કર્ણાટકની અંદર એના પર ગૂંચવણ ચાલી રહી છે. આ જ સવાલ ગત દિવસોમાં રાજ્યસભામાં ચર્ચા દરમ્યાન ભાજપ દ્વારા ઉઠાવવામાં આવ્યો કે કર્ણાટક સરકાર જાતિગત સર્વેનો રિપોર્ટ જાહેર કેમ નથી કરી રહી? એ કોઈ છૂપી વાત નથી કે ત્યાં મુખ્યમંત્રી સિદ્ઘારમૈયા અને ઉપ-મુખ્યમંત્રી ડી.કે. શિવકુમાર આ મામલે અલગ-અલગ મંતવ્ય ધરાવે છે. રાજ્યસભામાં કોંગ્રેસના અધ્યક્ષ ખડગેએ એમ કહીને પરોક્ષ રૂપે શિવકુમાર પર પણ આક્ષેપ કર્યો કે જ્યારે પણ આવો મુદ્દો સામે આવે છે ત્યારે સવર્ણ જાતિઓના નેતા એકજુટ થઈ જાય છે અને બધા મળીને તેનો વિરોધ કરે છે. ત્યારબાદ જોકે ડી.કે. શિવકુમારે એ સ્પષ્ટીકરણ આપવું પડ્યું કે તેઓ કાસ્ટ સર્વેનો રિપોર્ટ જાહેર કરવાનો વિરોધ નથી કરી રહ્યા, પરંતુ તેઓ ઈચ્છેચે કે આ કામ વ્યવસ્થિત અને વૈજ્ઞાનિક રીતે થાય.

રસપ્રદ છે કે શિવકુમારના આ સ્પષ્ટીકરણ બાદ ફરી એક વાર એ વાતની પુષ્ટિ થઈ કે તેમનું વલણ કાસ્ટ સર્વેના રિપોર્ટને લટકાવી રાખવાનું જ છે. તેનું કારણ પણ છે. ત્યાં રાજકીય રીતે સૌથી વધુ તાકાતવર મનાતી બે મુખ્ય જાતિઓ વોક્કાલિગા અને લિંગાયત તેના વિરોધમાં છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી એમ કહેતા ફરે છે કે તેમની પાર્ટી દેશભરમાં જાતિગત ગણના કરાવશે. એવામાં આ મામલે પીછેહઠ કરવાની વધુ ગુંજાશ કોંગ્રેસ પાસે નથી રહી. પરંતુ જોવાનું રહેશે કે કર્ણાટકમાં તે આ રિપોર્ટને લટકાવી રાખવા સિવાય પણ કોઈ હલ કાઢી શકે છે કે નહીં. જો તે કર્ણાટકના અંતર્વિરોધને દૂર કરવાનો કોઈ પ્રભાવી રસ્તો શોધી લે છે તો આગામી ચૂંટણીમાં તેને કારગત અને વિશ્વસનીય રીતે ઉઠાવી શકે છે. નહિ તો આ મુદ્દાની ચૂંટણીલક્ષી પ્રાસંગિકતા ઘટતી જશે. જ્યાં સુધી ભાજપની વાત છે તો તે આ મુદ્દાથી અંતર રાખવા છતાં પણ ઓબીસી વોટને સાધવાની સમાનાંતર કોશિશો કરતી રહી છે. તેમાં તે સફળ પણ થઈ છે. મધ્ય પ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢમાં ભાજપે જે મુખ્યમંત્રી અને ઉપ-મુખ્યમંત્રી બનાવ્યા છે, તેનો મકસદ લોકસભા ચૂંટણીમાં જાતિગત સમીકરણો સાધવાનો જ છે. જાતિગત ગણનાનો મુદ્દો ઉઠાવ્યો નીતિશ કુમારે, તેના પર આક્રમક થઈ કોંગ્રેસ પણ તેનો સૌથી વધુ લાભ હાલની ચૂંટણીઓમાં ભાજપે ઉઠાવ્યો હોવાનું જણાઈ રહ્યું છે.

શું કમબેકની થઈ રહી છે તૈયારી?

# તારક મહેતાના કલાકારો સાથે જોવા મળી દિશા વાકાણી

## તારક મહેતા કા ઉલ્ટા ચશ્મામાં સોનુ ભીડેનો રોલ કરતી એક્ટ્રેસ પલક સિદ્ધવાનીએ ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક તસવીર શેર કરી છે



મુંબઈ, તા.૨૧


છેલ્લા ૧૫ વર્ષથી દર્શકોનું મનોરંજન કરી રહેલી સીરિયલ 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'માં હાલમાં જ મિસિસ સોઢી તરીકે એક્ટ્રેસ મોના મેવાવાલાની એન્ટ્રી થઈ છે. મોનાએ શોમાં એક્ટ્રેસ જેનિફર મિસ્ત્રી બંસીવાલની જગ્યા લીધી છે. જેનિફરે શો છોડ્યાના ગણતરીના મહિનાઓમાં જ શોના મેકર્સે તેનું રિપ્લેસમેન્ટ શોધી લીધું. જોકે, દયાભાભીના રોલમાં જોવા મળતી અભિનેત્રી દિશા વાકાણીનું સ્થાન કોઈ અભિનેત્રી લઈ નથી શકી. ફેન્સ સાત વર્ષથી દયાભાભીના કમબેકની રાહ જોઈ રહ્યા છે. દિશા વાકાણી દયાભાભીના રોલમાં કમબેક કરશે કે નહીં એ તો ખબર નથી પરંતુ 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'ની સ્ટારકાસ્ટ સાથે તેને જોઈને ફેન્સ ચોક્કસ ખુશ થઈ ગયા છે. તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'માં સોનુ ભીડેનો રોલ કરતી એક્ટ્રેસ પલક સિદ્ધવાનીએ ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક તસવીર શેર કરી છે. જેમાં તે ભીડેનો રોલ કરતાં એક્ટર મંદાર ચાંદવાડકરની પત્ની સ્નેહલ, અંજલીનું પાત્ર ભજવતી સુનૈના ફોજદાર, ટપ્પુનો રોલ કરતાં એક્ટર નિતેશ, અંબિકા રંજનકર સાથે જોવા મળી રહી છે. દિશા વાકાણી પણ આ તસવીરમાં પોતાની દીકરી સાથે જોવા મળી રહી છે. દિશાએ લાલ રંગનો ડ્રેસ પહેર્યો હતો જેમાં તે ખૂબ જ સુંદર લાગી રહી હતી. દિશા વાકાણીની 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'ના કલાકારો સાથેની આ તસવીર સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહી છે. હવે તમને થતું હશે કે આ મુલાકાત ક્યાં થઈ ? તો જણાવી દઈએ કે, જેઠાલાલનો રોલ કરતાં એક્ટર દિલીપ જોષીના દીકરા ઋત્વિકના હાલમાં જ લગ્ન યોજાયા છે. દિલીપ જોષીએ ઋત્વિકનું રિસેપ્શન રાખ્યું હતું અને તેમાં 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'ની આખી સ્ટાર કાસ્ટ ઉપરાંત દિશા વાકાણીને પણ આમંત્રણ આપવામાં આવ્યું હતું. દિલીપ જોષીની દીકરીના લગ્ન ગત વર્ષે જ થયા હતા અને હવે ચાલુ વર્ષના અંતે દીકરાના પણ લગ્ન થઈ ગયા છે. સોશિયલ મીડિયા પર દિલીપ જોષીના દીકરાના લગ્નનો વિડીયો વાયરલ થયો છે. ઉપરાંત સંગીત સંધ્યામાં 'જેઠાલાલ' દાંડિયા રમતા પણ જોવા મળે છે. દિશા વાકાણીના 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'માં કમબેકને લઈને ખાસ્સો ઉહાપોહ થોડા દિવસ પહેલા થયો હતો. શોમાં દયાબેનના કમબેકનો ટ્રેક બતાવાયો હતો. પરંતુ છેલ્લે કોથાળામાંથી બિલાડું કાઢતાં સુંદર દયાને લઈને ના આવ્યો અને ફરી એકવાર દર્શકો નિરાશ થયા હતા. દયાભાભીની એન્ટ્રેની ગતકડાં શોના મેકર્સ અગાઉ પણ કરી ચૂક્યા છે. એવામાં આ વખતે પણ દયાને ના જોઈને નિરાશ થયેલા ફેન્સે સોશિયલ મીડિયા પર 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'ને બોયકોટ કરવાની માગ કરી હતી. જોકે, બોયકોટની માગણી બાદ 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'ના પ્રોડ્યુસર અસિત મોદીએ એક નિવેદન આપ્યું હતું. જેમાં દયાબેન જલ્દી જ પાછા આવશે તેવી બાંહેધરી આપી છે. તેમણે કહ્યું, "દયાભાભી જલ્દી જ પાછા આવશે અને અમને ખબર છે કે, તમે સૌ અમારાથી નારાજ છો. જોકે, તમે અમને પ્રેમ પણ કરો છો. અમને તમારા પ્રેમની કદર છે અને અમે તમારી લાગણીઓ સાથે નહીં રમીએ. અમારો વિશ્વાસ કરો, અમે જલ્દી જ દયાભાભીને પાછા લાવીશું. અમુક કારણોસર અમે દિવાળીમાં દયાભાભીને ના લાવી શક્યા પરંતુ થોડા દિવસની જ વાત છે, હું તમને વચન આપું છું કે દયાભાભી ગોકુલધામ સોસાયટીમાં પાછા આવશે. રિસાઈ ના જાવ અને 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' જોતા રહો. આસિત મોદીના આ આશ્વાસન પછી જોવું એ રહ્યું કે, દિશા વાકાણી દયાબેન તરીકે પાછી આવશે કે કોઈ નવી અભિનેત્રી તેનું સ્થાન લેશે? દિશા વાકાણી ૨૦૧૭માં મેટરનિટી લીવ પર ગઈ હતી અને એ પછી શોમાં પાછી નથી ફરી. જોકે, દિશાની ગેરહાજરીની શોની ટીઆરપી પર ખાસ અસર નથી પડી અને શો ટોપ ૧૦માં સ્થાન મેળવવામાં સફળ રહે છે.

# ડ્રાઈવર વગરની કાર ભારતમાં ક્યારેય નહીં આવે ઝીરો માઈલ સંવાદમાં નીતિન ગડકરી

નવી દિલ્હી, તા.૨૧

માર્ગ સલામતીની ચિંતાઓને સંબોધતા, ભારતના માર્ગ પરિવહન અને ધોરીમાર્ગોના મંત્રી નીતિન ગડકરીએ IIM નાગપુર દ્વારા આયોજિત ઝીરો માઈલ સંવાદ દરમ્યાન માર્ગ અકસ્માતોને ઘટાડવા માટે સરકાર દ્વારા લેવામાં આવેલા અનેક પગલાંની રૂપરેખા આપી હતી. ગડકરીએ ઓટોમોબાઈલ એન્જિનિયરિંગમાં ફેરફારો ઉપર ભાર મૂક્યો હતો, જેમ કે કારમાં છ એરબેગ્સ સામેલ કરવા, રસ્તાઓ ઉપરના બ્લેક સ્પોટ ઘટાડવા અને ઈલેક્ટ્રિક મોટર્સ એક્ટ દ્વારા દંડ વધારવો. ગડકરીએ બિઝનેસ ટુડે ટીવીના મેનેજિંગ એડિટર સિદ્ધાર્થ જરાબીને જણાવ્યું હતું કે, અમે ઈલેક્ટ્રિક મોટર્સ એક્ટ દ્વારા દંડ વધાર્યો છે, એમ્બ્યુલન્સ અને ક્રેન્સ રાખી છે જેથી કરીને અહીંથી વસ્તુઓ વધુ સારી બને. અમે દર વર્ષે જાગૃતિ પણ વધારીએ છીએ. જો કે, ગડકરીએ ભારતમાં ડ્રાઈવર વગરની કારની રજૂઆત સામે પોતાનો વિરોધ નિશ્ચિતપણે દર્શાવ્યો હતો અને ડ્રાઈવરો માટે નોકરી ગુમાવવાની ચિંતા વ્યક્ત કરી હતી. ગડકરીએ કહ્યું હતું કે, હું ડ્રાઈવર વગરની કારને ભારતમાં ક્યારેય આવવા દઈશ નહીં કારણ કે તેનાથી અનેક ડ્રાઈવરોની નોકરી છીનવાઈ જશે અને હું એવું થવા દઈશ નહીં. તેમણે એ પણ સ્પષ્ટ કર્યું કે ભારતમાં ટેસ્લાનું સ્વાગત છે, ભારતમાં વેચાણ માટે ચીનમાં ઉત્પાદન સ્વીકાર્ય નથી. ગડકરીએ બિઝનેસ ટુડેને જણાવ્યું હતું કે, અમે ટેસ્લાને ભારતમાં આવવાની મંજૂરી આપીશું પરંતુ તેઓ ચીનમાં ઉત્પાદન કરી શકશે નહીં અને ભારતમાં વેચી શકશે નહીં. તે બનવું અશક્ય છે. નીતિન ગડકરીએ ભવિષ્યના ઈંધણ તરીકે હાઈડ્રોજનના મહત્વ ઉપર ભાર મૂક્યો હતો અને જાહેર ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુધારવા માટે અદ્યતન ટેકનોલોજી અપનાવવાની સરકારની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે,હાઈડ્રોજન એ ભવિષ્યનું ઈંધણ છે અને અમે જાહેર ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધારવામાં મદદ કરવા માટે શ્રેષ્ઠ ટેકનોલોજી લાવવાની દિશામાં કામ કરી રહ્યા છીએ.

# ભારતનો વિકાસ દર ૬ ટકા સુધી રહેશે અને ભારતનું અર્થતંત્ર ૨૦૪૭ સુધીમાં નિમ્ન-મધ્યમ અર્થતંત્ર રહેશે : રઘુરામ રાજન



નવી દિલ્હી તા.૨૧

રિઝર્વ બેન્કના પૂર્વ ગવર્નર રઘુરામ રાજને જણાવ્યું હતું કે જો ૨૦૪૭ (અમૃત કાલ) સુધીમાં વસ્તીમાં કોઈ વધારા વિના સંભવિત વૃદ્ધિ દર વાર્ષિક ૬ ટકા પર રહેશે અને ત્યાં સુધીમાં ડેમોગ્રાફિક ડિવિડન્ડના અંત સુધી પહોંચી જશે તો પણ ભારત મધ્યમ દેશ રહેશે. એક કાર્યક્રમમાં અર્થશાસ્ત્રીએ જણાવ્યું હતું કે જો દેશ ઝડપથી વિકાસ પામતો નથી, તો તે સમૃદ્ધ થાય તે પહેલાં વસ્તીશાસ્ત્રની દૃષ્ટિએ વધશે, જેનો અર્થ છે કે તે સમયે પણ વૃદ્ધ વસ્તીનો બોજ રહેશે. રાજને જણાવ્યું હતું કે છેલ્લાં બે ત્રિમાસિક ગાળામાં ભારતમાં જીડીપી વૃદ્ધિ ૭.૫ ટકાના ક્ષેત્રમાં હતો અને જો કોઈ શ્રમ દળની ભાગીદારી ઉપર નજર નાખે તો મહિલાઓની ભાગીદારી ખૂબ જ ઓછી છે. ભારતની વૃદ્ધિની સંભાવના આજે લગભગ ૬ ટકા વાર્ષિક છે. જો તમે ગણિત કરો છો, તો વર્ષમાં ૬ ટકાના દરે દર ૧૨ વર્ષે ડબલ થશે અને તેથી ૨૪ વર્ષમાં, અમારી માથાદીઠ આવક ચાર ગણી થઈ જશે. આજે ભારતમાં માથાદીઠ આવક, વ્યક્તિ દીઠ **$2,500**થી થોડી ઓછી છે. ચાર વડે ગુણાકાર કરો, અમને વ્યક્તિ દીઠ **$10,000** મળે છે તેથી, અમારા વર્તમાન વિકાસ દરે અમે સમૃદ્ધ થતા નથી પરંતુ અમે ૨૦૪૭ સુધી ઓછી મધ્યમ આવક ઉપર રહીશુ. આરબીઆઈના પૂર્વ વડાએ જણાવ્યું હતું કે કેટલાક દક્ષિણી રાજ્યો વસ્તીના સંદર્ભમાં પ્રજનન દરથી નીચા દરે વધી રહ્યા છે, બીજા શબ્દોમાં કહીએ તો વૃદ્ધિ ધીમી પડી છે. બીજા શબ્દોમાં કહીએ તો વૃદ્ધત્વની પ્રક્રિયા શરૂ થશે, જે ચિંતાજનક પ્રશ્ન તરફ દોરી જાય છે જો આપણે ઝડપથી વૃદ્ધિ નહીં કરીએ, તો આપણે શ્રીમંત થતા પહેલા વૃદ્ધ થઈ જઈશું,જેનો અર્થ છે કે આપણા બધા ઉપર બોજો છે. તેમના મતે વિકાસની વર્તમાન ગતિ એવા તમામ લોકોને રોજગારી આપવા માટે પૂરતી નથી જેઓ શ્રમ દળમાં પ્રવેશી રહ્યા છે અને દેશને વૃદ્ધ થાય તે પહેલાં સમૃદ્ધ બનાવવા માટે અપૂરતા છે. ૨૦૧૭ સુધીમાં ૧૦૦ વર્ષની આઝાદીના વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વિઝનને "અમૃતકાલ" કહેવામાં આવે છે. રાજને જણાવ્યું હતું કે કેટલાક વિકસિત રાષ્ટ્રો વધુ સમૃદ્ધ થયા પછી મૂલ્ય શૃંખલાને આગળ વધારવાના ભાગરૂપે ઉત્પાદનમાંથી સેવાઓ તરફ આગળ વળ્યા હતા.

**Facebook**ના માધ્યમથી નોકરી વાંચ્છુકોને

# યુ.કેના વિઝા આપવાના નામે એક કરોડથી વધુની છેતરપિંડી

## કરોડો રૂપિયાની રકમ પડાવી લીધા બાદ નોકરી યુ.કે.ના વિઝા અપાવવાના નામે બંટી બબલીની જોડીએ છેતરપિંડી આચરી હતી

સુરત, તા.૨૧

નોકરી વાંચ્છુક પાસેથી યુકેના વિઝા અપાવવાના નામે રૂપિયા ૧.૦૫ કરોડ જેટલી રકમ ખંખેરી ભૂગર્ભમાં ઊતરી ગયેલી બંટી બબલીની જોડી પૈકીના એક આરોપીની આર્થિક ગુના નિવારણ શાખા દ્વારા દિલ્હી ખાતેથી ધરપકડ કરી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે. જ્યારે ફરાર આરોપીની પત્નીની પણ શોધખોળ હાથ ધરવામાં આવી છે.

મહત્વનું છે કે, બંટી-બબલીની જોડી **facebook** ના માધ્યમ થકી નોકરી વાંચ્છુકને યુકેના વિઝા અપાવવાની લાલચ આપી સુરતના વેસુ સ્થિત ઓફિસે મળવા માટે બોલાવતા હતા. ત્યાં નોકરી વાંચ્છુક પાસેથી લેખિતમાં કરાર કરી ૧૫ લાખ રૂપિયા જેટલી રકમ નક્કી કરવામાં આવતી હતી. જે પૈકી પાંચ લાખ રૂપિયા જેટલી રકમ એડવાન્સ પેટે પડાવી લેવામાં આવતી હતી. સુરતના ઉમરા વિસ્તારમાં ઓફિસ શરૂ કરી નોકરી વાચ્છુકોનો ફેસબુકના માધ્યમથી સંપર્ક કરી યુકેના વિઝા અપાવવાના નામે એક કરોડથી વધુની રકમ બંટી-બબલીની જોડીએ ખંખેરી લીધા હતા.ઉમરા પોલીસ મથકમાં નોંધાયેલ ફરિયાદ મુજબ, યુસુફ ખાન પઠાણ અને તેની પત્ની રિવ્યાના ખાન પઠાણ દ્વારા ઉમરા પોલીસ મથકની હદમાં આવેલા વેસુ ખાતે ઓફિસ શરૂ કરવામાં આવી હતી. **Facebook** ના માધ્યમથી નોકરી વાંચ્છુકોનો સંપર્ક કરી યુ.કે ના વિઝા અપાવવાના નામે પોતાની ઓફિસે બોલાવવામાં આવતા હતા. જ્યાં બાંહેધરી કરાર લખાવી ૧૫ લાખ રૂપિયામાં યુકેના વિઝા અપાવવાની લાલચ આપવામાં આવતી હતી. જેનું એડવાન્સ પેટે વ્યક્તિ દીઠ પાંચ લાખ રૂપિયા લેવામાં આવતા હતા. આ રીતે બંટી બબલી ની જોડીએ કુલ ૨૧ જેટલા નોકરી વાંચ્છુકો પાસેથી ૧.૦૫ કરોડ રૂપિયા જેટલી રકમ પડાવી લેવામાં આવી હતી. કરોડો રૂપિયાની રકમ પડાવી લીધા બાદ નોકરી યુ.કે.ના વિઝા અપાવવાના નામે બંટી બબલી ની જોડી એ છેતરપિંડી આચરી હતી. એટલું જ નહીં પોતાની ઓફિસ બંધ કરી બંટી-બબલી ની જોડી ભૂગર્ભમાં ઉતરી ગઈ હતી. જ્યાં ધરપકડથી ટાળવા ભાગતી-ફરતી આ જોડીને ઝડપી પાડવા પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. દરમિયાન આ ગુનાની તપાસ આર્થિક ગુના નિવારણ શાખા સુરત ઈકો શેલને સોંપવામાં આવી હતી. જે ગુનાની તપાસ કરી રહેલી ઈકો સેલ દ્વારા બંટી -બબલી ની જોડી પૈકી આરોપી યુસુફ ખાન પઠાણની દિલ્હી ખાતેથી ધરપકડ કરવામાં આવી છે.

ઈકો શેલને માહિતી મળી હતી કે ,આ ગુનાનો આરોપી દિલ્હી ખાતે હાલ આવી રહ્યો છે. જે ચોક્કસ માહિતીના આધારે સ્થાનિક પોલીસની મદદથી આરોપી યુસુફ ખાન પઠાણને ઝડપી પાડવામાં ઈકો શેલને સફળતા મળી હતી.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

મૃત્યુ પછી ધર્મ અને કર્મ જ મનુષ્યના સાચા મિત્રો છે.

– અજ્ઞાત

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૫, પા.અમરદાદ-૧૩૯૩, મુ. જમા-ઉલ્લ-આખર-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, માગસર સુદ-૯ શ્રી હરિ જયંતિ, પંચક (રાત્રે ૧૦:૦૯ ક.થી સમાપ્ત) તા.૨૧ ડિસેમ્બર ૨૦૨૩, ગુરૂવાર, પારસી તા.૮, મુસ્લિમ તા.૭, રેવતી નક્ષત્ર, વરિયાન યોગ, તૈતિલ કરણ, સૂ.ઉ.૭:૨૯, સૂ.અ.૬:૧૦

આજનો દિવસ સવારે ૯:૩૭ ક.થી શુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મીન (દ ચ ઝ થ), રાત્રે ૧૦:૦૯ ક. પછી જન્મેલા બાળકની રાશી મેષ (અ લ ઈ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: ગૃહસ્થિ જીવનમાં આનંદ રહે, વણસેલા સંબંધો સુધરે.
વૃષભ:કોર્ટ-કચેરીના કાર્યોમાં લાભ થાય. રોકાયેલા નાણા છૂટા થાય.
મિથુન: વ્યર્થ ચિંતા દૂર થાય, આનંદપૂર્ણ દિવસ વિતે.
કર્ક: મહત્વના કાર્યોમાં સફળતા મેળવી શકો, તકનો લાભ ઉઠાવજો.
સિંહ: લાંબા સમયથી અટકી પડેલા કાર્યો પૂર્ણ થાય.
કન્યા: વ્યર્થ ક્રોધથી દૂર રહેવું, આંધળો વિશ્વાસ મૂકવો નહી.
તુલા: યશ-માનના ભાગીદાર બનશો. આર્થિક લાભ મળે.
વૃશ્ચિક:સ્વભાવમાં ઉગ્રતા રહે, ધારી સફળતામાં વિલંબ રહે.
ધન: મનની મુંઝવણ મનમાં રહે, વ્યર્થ ક્રોધ રહે.
મકર: અચાનક પ્રવાસ થાય, મહામહેનતે કાર્યમાં સફળતા મળે.
કુંભ: કાર્યબોઝ વિશેષ રહે, શેર-સટ્ટા-લોટરીમાં લાભ મળે.
મીન: આર્થિક લાભ રહે, મનની મુરાદ બર આવે.

# ખૂબ જ ગંભીર, આપણે જાણવાની જરૂર છે કે આની પાછળ કોણ છે : સંસદ સુરક્ષા ચૂક અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી

નવી દિલ્હી, તા.૨૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૩ ડિસેમ્બરના રોજ સંસદમાં સુરક્ષાની ખામીને દુ:ખદ અને ચિંતાજનક ગણાવી હતી અને કહ્યું હતું કે, આ ઘટના પાછળના તત્વો અને તેમના ઈરાદાઓને જાણવું મહત્વપૂર્ણ છે. હિન્દી સમાચાર દૈનિક જાગરણ સાથે વાત કરતા પીએમ મોદીએ કહ્યું, સંસદમાં બનેલી ઘટનાની ગંભીરતાને જરા પણ ઓછી આંકવી જોઈએ નહીં. તેથી અધ્યક્ષ સાહેબ સંપૂર્ણ ગંભીરતા સાથે જરૂરી પગલાં લઈ રહ્યા છે. તપાસ એજન્સીઓ કડકાઈથી તપાસ કરી રહી છે. આની પાછળના તત્વો અને ઈરાદાઓ શું છે તેના ઊંડાણમાં જવું પણ એટલું જ જરૂરી છે. પીએમએ કહ્યું હતું કે,આ બાબતના ઊંડાણમાં જવું જરૂરી છે જેથી કરીને ઉકેલ શોધી શકાય, વધુમાં ઉમેર્યું કે,તેના ઉપર ઝઘડો અથવા વિરોધ કરવાનું ટાળવું જોઈએ. વિપક્ષ ૧૩ડિસેમ્બરે સુરક્ષા ભંગ અંગે સંસદમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના નિવેદનની માંગ કરી રહ્યું છે, જેમાં બે લોકોને ધુમાડાના ડબ્બા લઈને લોકસભાની ચેમ્બરમાં મુલાકાતીઓની ગેલેરીમાંથી કૂદતા જોયા હતા. બંને લોકોને તાના શાહી નહીં ચલેગી (સરમુખત્યારશાહી સ્વીકારવામાં આવશે નહીં) જેવા નારા લગાવતા સાંભળવામાં આવ્યા હતા. તેઓને લોકસભાના સભ્યો અને વોર્ડ સ્ટાફ દ્વારા પકડવામાં આવ્યા હતા. તે જ સમયે અન્ય બે લોકોએ પણ સંસદ પરિસરની બહાર સૂત્રોચ્ચાર કરતી વખતે ડબ્બાઓમાંથી રંગીન ધૂમાડો છોડ્યો. શકમંદોના પરિવારજનોનું કહેવું છે કે તેઓ નોકરી ન મળવાથી નિરાશ હતા. આ ઘટનાના સંબંધમાં અત્યાર સુધીમાં કુલ છ લોકોની ધરપકડ કરવામાં આવી છે. સંસદની અંદર સુરક્ષા ભંગ ૧૩ ડિસેમ્બર, ૨૦૦૧ના બરાબર ૨૨ વર્ષ પછી થયો હતો, જે બિલ્ડિંગ ઉપરના હુમલામાં નવ લોકોનાં મોત થયા હતા.

# સીએમ વિજયને કેરળના રાજ્યપાલ ઉપર જાણી જોઈને રાજ્યની શાંતિને નષ્ટ કરવાના પ્રયાસનો આરોપ મૂક્યો

(એજન્સી) તા.૨૧

કેરળના રાજ્યપાલ આરિફ મોહમ્મદ ખાન દ્વારા એસએફઆઈના કાર્યકરોને અપરાધી ગણાવાતા કેરળના મુખ્યમંત્રી પિનરાઈ વિજયન તેમના પર ભારે ગુસ્સે થયા હતા. એક કાર્યક્રમ દરમ્યાન પત્રકારો સાથે વાતચીત દરમ્યાન તેમણે ખુદ રાજ્યપાલ ઉપર ગંભીર આરોપ લગાવ્યા હતા. તેમણે કહ્યું કે ગવર્નર આરિફ મોહમ્મદ ખાન જાણીજોઈને ઉશ્કેરણીજનક નિવેદનો આપી રહ્યા છે કારણ કે તેઓ દક્ષિણ રાજ્યમાં વ્યાપેલી શાંતિને નષ્ટ કરી દેવાનો પ્રયાસ કરી રહ્યા છે. સીએમ વિજયને કહ્યું કે તેઓ જ્યારે ઈચ્છે ત્યારે કંઈ પણ કહી શકે છે. તેઓ એવી સ્થિતિમાં પહોંચી ગયા છે જ્યાં તેઓ જે ઈચ્છે તે કહી શકે છે. સીએમએ કહ્યું કે તેઓ ભૂલી રહ્યા છે કે તેઓ કેરળના રાજ્યપાલ છે. તે જાણી જોઈને પોતાના કાર્યો દ્વારા અશાંતિ ફેલાવવા માંગે છે. વિજયને કહ્યું કે રાજ્યપાલના પગલાંથી આ સાબિત થયું છે. તમે બધા જોશો કે રાજ્યપાલ દરેક મુદ્દાને અતિશયોક્તિપૂર્ણ સ્વરૂપમાં રજૂ કરવાનો પ્રયાસ કરે છે. તેમણે એવો પણ સવાલ કર્યો હતો કે તેઓ વિરોધીઓ સામે આવા વાંધાજનક શબ્દોનો ઉપયોગ કેવી રીતે કરી શકે. સીએમ વિજયને કહ્યું કે જ્યારે મારી પર કે પછી મારા કાફલા સામે કાળા ધ્વજ લહેરાવવામાં આવે છે, ત્યારે તેઓ કે તેમના મંત્રીઓ અથવા ડાબેરી મોરચાના સભ્યો વિરોધીઓ વિરૂદ્ધ અપમાનજનક શબ્દોનો ઉપયોગ કરતા નથી. અમે માત્ર એટલું જ કહીએ છીએ કે વિરોધીઓએ હિંસક ન થવું જોઈએ. તમને જણાવી દઈએ કે છેલ્લા કેટલાક દિવસોથી **SFI**ના કાર્યકરોએ રાજ્યપાલ વિરૂધ્ધ પ્રદર્શન કર્યું હતું. તેઓ એધ્ કાર્યક્રમમાં જતા સમયે રાજ્યપાલની કારની પાછળ આવ્યા અને વિરોધ નોંધાવ્યો. તેમજ રાજ્યપાલને કાળા ઝંડા બતાવ્યા હતા. જે બાદ રાજ્યમાં રાજકારણ ગરમાયું છે. પત્રકારો સાથે વાત કરતી વખતે રાજ્યપાલે **SFI** કાર્યકરોને ગુનેગાર ગણાવ્યા. એમ પણ કહ્યું કે આ તમામ દેખાવકારો મુખ્યમંત્રી દ્વારા નિયુક્ત ગુનેગારો છે.

## લાલુ પ્રસાદ યાદવની દીકરી, રાજકારણમાં ?

પટના, તા.૨૦

આર.જે.ડી. વડા લાલુ પ્રસાદની બીજા નંબરની પુત્રી રોહિણી આચાર્યે સક્રિય રાજકારણમાં પ્રવેશવાની અને ૨૦૨૪ની લોકસભાની ચૂંટણી લડવા અંગેની અટકળોને વેગ આપ્યો છે. તાજેતરમાં પટનામાં તેમના આગમન ઉપર જ્યારે આ સંભાવના વિશે પૂછવામાં આવ્યું ત્યારે, સિંગાપોર સ્થિત રોહિણીએ શરૂઆતમાં સક્રિય રાજકારણ તરફ કોઈ ઝુકાવનો ઈન્કાર કર્યો હતો.

### રાજકોટમાં પુત્ર અને પુત્રવધૂની અંગત પળો રેકોર્ડ કરી પૈસા કમાવવા માટે પોર્ન વેબસાઈટ ઉપર મૂકવાનો મામલો

# બળાત્કાર એ બળાત્કાર છે પછી તે અન્ય પુરૂષની જેમ પતિ દ્વારા પત્ની ઉપર કરવામાં આવે તો પણ : હાઈકોર્ટ

## ૫૦ અમેરિકન રાજ્યો, ત્રણ આસ્ટ્રેલિયન રાજ્યો, ન્યુઝીલેન્ડ, કેનેડા, ઈઝરાયેલ, ફ્રાન્સ, સ્વીડન, ડેન્માર્ક, નોર્વે, સોવિયેત યુનિયન, પોલેન્ડ અને ચેકોસ્લોવાકિયામાં વૈવાહિત બળાત્કાર ગેરકાયદેસર છે અને અન્ય કેટલાક રાષ્ટ્રોમાં પણ આ જ સિદ્ધાંત લાગુ છે : વૈવાહિક બળાત્કાર મામલે હાઈકોર્ટની ટિપ્પણી



અમદાવાદ, તા.૨૧

રાજકોટમાં પુત્ર અને પૂત્રવધુની અંગત પળો રેકોર્ડ કરી પૈસા કમાવવા માટે પોર્ન વેબસાઈટ ઉપર અપલોડ કરવાના સાસુ-સસરાના કૃત્યના કેસમાં આરોપી સાસુ દ્વારા ગુજરાત હાઈકોર્ટ સમક્ષ કરાયેલી જામીન અરજી જસ્ટિસ દિવ્યેશ એ.જોશીએ ફગાવી દીધી હતી. હાઈકોર્ટે મહત્વના અવલોકન કરતા જણાવ્યું હતું કે, આવા સ્વભાવના મોટાભાગના કિસ્સાઓમાં સામાન્ય પ્રથા એવી છે કે, જો પુરૂષ પતિ હોય તો તે અન્ય પુરૂષની જેમ જ કૃત્યો કરે છે તો તેને મુકિત આપવામાં આવે છે. મારા મતે, તે ગણી શકાય નહી. પુરૂષ એ પુરૂષ છે અને કૃત્ય એ કૃત્ય છે અને બળાત્કાર એ બળાત્કાર છે પછી તે અન્ય પુરૂષ દ્વારા સ્ત્રી ઉપર કરવામાં આવે કે પતિ દ્વારા પત્ની ઉપર કરવામાં આવે. કેસની વિગતો મુજબ રાજકોટમાં એક સાસુ-સસરા તેના પુત્ર અને પૂત્રવધુને તેમની વચ્ચેના બેડરૂમના સેક્સના દ્રશ્યો, નગ્ન વીડિયો અને ફોટો રેકોર્ડ કરવા દબાણ કરી ફરજ પાડતા હતા. ખુદ પોતાના પુત્ર અને પૂત્રવધુના આવા નગ્ન વીડિયો તેઓ પોર્ન વેબસાઈટ ઉપર અપલોડ કરી પૈસા કમાતા હતા. ફરિયાદી પૂત્રવધુએ તેની સાસુનું ધ્યાન પણ દોર્યુ હતું કે, તેના સસરાએ તેના પતિને ફોન ઉપર તેમના અંતરંગ દ્રશ્યો રેકોર્ડ કરવા અને પૈસા કમાવવા માટે પોર્ન વેબસાઈટ ઉપર અપલોડ કરવા માટે ઉશ્કેર્યા હતા. તેની સાસુને વાત કરવા છતાં તેની સાસુ પણ સસરા અને પતિના ગુનાહિત કૃત્યમા જોડાઈ તેને સાથ આપતા હતા અને તેમની અંતરંગ પળો કેમેરામાં રેકોર્ડ કરવા દબાણ કરતા હતા. આ સમગ્ર મામલે પૂત્રવધુએ રાજકોટ સાયબર ક્રાઈમમાસાસુ-સસરા અને પતિ વિરૂધ્ધ્ ફરિયાદ નોંધાવી હતી. પૂત્રવધુએ એવો પણ આક્ષેપ કર્યો હતો કે, તેના સાસુ-સસરાના દબાણ અને ઉશ્કેરણીથી તેના પતિ તેની સાથે સેક્સ વખતે અકુદરતી વસ્તુઓ કરી રહ્યા હતા. આ અરજીની સુનાવણી બાદ ચુકાદો આપતા હાઈકોર્ટે વધુમાજણાવ્યું હતું કે જો પુરૂષ પતિ હોય તો તે અન્ય પુરૂષની જેમ જ કૃત્યો કરે છે તો તેને મુકિત આપવામાં આવે છે. મારા મતે, તે ગણી શકાય નહી.ભારતીય લોકતંત્ર અને બંધારણએ સ્ત્રી-પુરૂષને એક સમાન દરજજો આપ્યો છે. અરજદાર સાસુ ફરિયાદી પૂત્રવધુ ઉપર થયેલા જાતીય હુમલા અને સતામણી વિશે માહિતગાર હતી. આવા ઘૃણાસ્પદ અને શરમજનક કૃત્ય કરવા પાછળ ગમે તે ઉદ્દેશ હોય પરંતુ તેની તીખી આલોચના થવી જ જોઈએ. હાઈકોર્ટે વધુમાજણાવ્યું હતું કે, ૫૦ અમેરિકન રાજયો, ત્રણ આસ્ટ્રેલિયન રાજયો, ન્યુઝીલેન્ડ, કેનેડા, ઈઝરાયેલ, ફ્રાન્સ, સ્વીડન, ડેન્માર્ક, નોર્વે, સોવિયેત યુનિયન, પોલેન્ડ અને ચેકોસ્લોવાકિયામાં વૈવાહિત બળાત્કાર ગેરકાયદેસર છે અને અન્ય કેટલાક રાષ્ટ્રોમાં પણ આ જ સિધ્ધાંત લાગુ છે. લંડનમાંપણ ભારતની આઈપીસીની કલમ-૩૭૬ કે જે પતિને બળાત્કારના આરોપમાંથી મુકિત આપે છે તે મુક્તિ પણ લંડને ૧૯૯૧ના ચુકાદા મારફતે દૂર કરી દીધી છે. આમ, શાસકોએ પોતે જ પતિઓને અપાયલ અપવાદને નાબૂદ કરી દીધો છે ત્યારે કોઈ પુરૂષ સ્ત્રીનું યૌન શોષણ કરે છે અથવા બળાત્કાર કરે છે તે આઈપીસીની કલમ-૩૭૬ હેઠળ સજાને પાત્ર ઠરે છે. હાઈકોર્ટે છોકરાઓ છોકરાઓ હશે એ પ્રકારના સામાજિક વલણને બદલવાની જરૂરિયાત વિશે પણ વાત કરી હતી અને જણાવ્યું હતું કે, પીછો કરવો, છેડતી, મૌખિક અને શારીરિક હુમલો અને જાતીય સતામણી જેવા ગેરકાયદેસર વર્તનમાં અફસોસની વાત એ છે કે, આવા ગુનાઓમાં માત્ર તુચ્છ કે સામાન્ય જ નથી બનાવાતા પરંતુ તેને રોમેન્ટીક પણ કરવામાં આવે છે અને સિનેમા જેવી લોકપ્રિય માન્યતામાં ઉત્સાહિત થાય છે. આ વલણ જે છોકરાઓ છોકરાઓ હશે જેવા પ્રિઝમ દ્વારા અપરાધને જુએ છે અને તેમને માફ કરે છે, તેમછતાં બચી ગયેલા લોકો ઉપર તેની કાયમી ગંભીર અસરો વર્તાતી હોય છે. જાતિવાદ હિંસા ઘણીવાર નજર અંદાજ કરાતી હોય છે અને મૌનની સંસ્કૃતિમાં તે જાણે ઢંકાઈ જાય છે. સ્ત્રીઓ ઉપરની હિંસાના કારણો અને પરિબળોમાં પુરૂષો અને સ્ત્રીઓ વચ્ચેના અસમાન શકિતના સમીકરણોનો સમાવેશ થાય છે, જે હિંસાને પ્રોત્સાહન આપે છઅને તેની સ્વીકૃતતા સાંસ્કૃતિક, સામાજિક ધોરણો અને આર્થિક અવલંબન, ગરીબાઈ અને દારૂના સેવ વગેરે દ્વારા ઉગ્ર બનેર છે. કુટુંબ ઉપર સામાન્ય આર્થિક અવલંબન અને સામાજિક બહિષ્કારનો ભય સ્ત્રીઓ માટે કોઈપણ પ્રકારની જાતીય હિંસા, દુર્વ્યવહાર અથવા ઘૃણાસ્પદ વર્તણૂંકની જાણ કરવા માટનોંધપાત્ર નિરાશા તરીકે કાર્ય કરે છે અન`તેથી ભારતમાં મહિલાઓ ઉપર હિંસાની વાસ્તવિક ઘટનાઓ કદાચ ડેટા સૂચવે છે તેના કરતાં ઘણી વધારે છે અને મહિલાઓ દુશ્મનાવટનો સામનો કરવાનું ચાલુ રાખી શકે છે અને એવા વાતાવરણમાં રહેવુ પડશે જયાં તેઓ હિંસાનો ભોગ બને છે આ મૌન તોડવાની જરૂર છે. આમ કરવામાં સ્ત્રીઓ કરતાંર પુરૂષો કદાચ જાતીય હિંસા રોકવાર અને તેનો સામનો કરવા માટે પોતાની ફરજ અને ભૂમિકા અદા કરવામાં વધુ મહત્ત્વનો ભાગ ભજવી શકે છે.

### ગુજરાત ફાયર સેફ્ટી કોપ ઈ-પોર્ટલ મુખ્યમંત્રી દ્વારા કરાયું લોન્ચ

# દેશભરમાં સૌપ્રથમ ગુજરાતે ફાયર સેફ્ટી અંગે વિશેષ પ્રકારની ફેસિલિટી કાર્યરત કરી

ગાંધીનગર, તા.૨૧


સમગ્ર ભારત દેશમાં ફાયર સેફ્ટી અંગે વિશેષ પ્રકારની ફેસેલીટી માત્રને માત્ર ગુજરાતમાં જ શરૂ કરવામાં આવી છે. આગામી દિવસોમાં અન્ય રાજયો પણ ગુજરાત મોડલ અપનાવશે. ફાયર સેફ્ટી સર્ટિફિકેટ તેમજ તેના રિન્યૂઅલ સહિતની પ્રક્રિયા માટે ઓનલાઈન વ્યવસ્થાઓ વિકસાવવાની શરૂઆત કરનારૂર પ્રથમ રાજ્ય ગુજરાત બન્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનાં હસ્તે ગુજરાત ફાયર સેફ્ટી કોપ ઈ-પોર્ટલ લોન્ચ કરાયું છે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારના શહેરી વિકાસ વિભાગે અગ્નિ નિવારણ સેવાઓને વધુ સુદ્રઢ અને ટ્રાન્સપેરન્ટ-પારદર્શી બનાવવાના હેતુસર ‘‘ગુજરાત ફાયર સેફ્ટી કોપ’’ ઈ-પોર્ટલ લોન્ચ કર્યું છે. મુખ્યમંત્રીએ પ્રિ-વાઈબ્રન્ટ સમિટ અંતર્ગત શહેરી વિકાસ વિભાગ આયોજીત ‘લિવેબલ સિટીઝ ઓફ ટુમોરો’ કોન્ફરન્સમાં આ પોર્ટલ લોન્ચ કર્યું હતું. આગ સામે પ્રમાણમાં વધારે જોખમી હોય તેવી ઈમારતો, બહુમાળી મકાનો, હોસ્પિટલ્સ, હોટેલ કે શોપિંગ મોલ્સ, સ્કૂલ-કોલેજ બિલ્ડિંગ વગેરેની ફાયર સેફ્ટી સુવિધાઓ વિશે લોકોને સુપેરે જાણકારી મળી રહે તેવો ઈઝ ઓફ લિવિંગ વૃદ્ધિનો અભિગમ આ પોર્ટલ કાર્યરત કરવા પાછળ રાખવામાં આવેલો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ ઈ-પોર્ટલ બનાવવા માટે જનભાગીદારી વ્યૂહ અપનાવીને ફાયર રેગુલેશનના મુસદ્દા અંગે જાહેર વાંધા-સૂચનો મંગાવી તેનો હાઈ લેવલ ટેકનિકલ કમિટી દ્વારા અભ્યાસ કરીને જરૂરી સુધારા વધારા સાથે ફાયર નિયમો બનાવીને સરકારની મંજૂરી આપી છે. એટલું જ નહીં, આગ સામે પ્રમાણ વધારે જોખમી એવી ઈમારતોની ફાયર સેફ્ટી સર્ટિફિકેટ અને તેની રિન્યુઅલ પ્રક્રિયા પારદર્શી બનાવવા સમગ્ર રાજ્ય માટે એક સર્વગ્રાહી અને યુઝર ફ્રેન્ડલી સોફ્ટવેર બનાવીને મોબાઈલ એપની સુવિધા પણ આપવામાં આવી છે. કોઈ પણ બિલ્ડિંગના ડિઝાઈન લેવલથી શરૂ થઈને બિલ્ડિંગનો ઉપયોગ શરૂ થાય ત્યાં સુધીમાં જુદા-જુદા સ્તરે ફાયર સેફ્ટીની મંજૂરીઓમાં ડિઝાઈન, બાંધકામ અને ઉપયોગ એમ ત્રિસ્તરીય મંજુરીઓ સ્થાનિક ફાયર અને ઈમરજન્સી સર્વિસના અધિકારીઓ દ્વારા અપાતી હોય છે.

આ સમગ્ર પ્રક્રિયા હવે ફાયર સેફ્ટી કોમ્પલાયન્સ પોર્ટલ વેબસાઈટ અને મોબાઈલ એપ દ્વારા વધુ સરળ બની છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશા દર્શનમાં આ પોર્ટલ લોન્ચ થવાની ફલશ્રુતિએ હવે રાજયમાં તમામ પ્રકારની ઈમારતો માટે ફાયર સેફ્ટી સર્ટિફિકેટની બધી જ કામગીરીની માહિતી એટ વન ક્લિક દ્વારા રિયલ ટાઈમ ટ્રેકિંગ સાથે મળી શકશે. પોતાની એપ્લિકેશન સ્ટેટસ પણ જાણી શકાશે તેમજ જરૂરી ફીનું ધોરણ રાજ્યભરમાં હવે એક સમાન થશે અને યુ.પી.આઈ અથવા કાર્ડની મદદથી ઓનલાઈન ફીઝ ભરવાની વ્યવસ્થા પણ મળી શકશે. રાજ્ય સરકારે ફાયર સેફ્ટી ઓફિસર્સ તરીકે તાલીમ આપી સવા બસોથી વધુ ખાનગી વ્યવસાયિકોને FSO તરીકે સક્ષમ બનાવ્યા છે. આ FSO દર છ મહિને બિલ્ડીંગ ધારકો માટે મોક ફાયર ડ્રિલ, જનજાગૃતિ તેમજ ફાયર સેફટી સાધનોની સ્થિતિની તપાસ ઓનલાઈન પોર્ટલના માધ્યમથી કરી શકશે તેમજ રિન્યૂઅલ સર્ટિફિકેટ ઈશ્યૂ કરવાની પ્રક્રિયામાં ઝડપ, ચોકસાઈ અને પારદર્શિતા આવશે. ફાયર સેફ્ટી કોપની આ વેબસાઈટ કે મોબાઈલ એપમાં લોગ ઈન કરીને જરૂરી ઉપલબ્ધ વિકલ્પો પ્લાન એપ્રુવલ, સર્ટિફિકેટ એપ્રુવલ, સર્ટિફિકેટ રિન્યુઅલમાંથી જરૂરિયાત પ્રમાણેનો વિકલ્પ પસંદ કરી ૯ અલગ-અલગ સ્ટેપ જેમાં એપ્લિકેશન ડીટેલ,સાઈટ ડીટેલ, બિલ્ડીંગ/પ્રોજેક્ટ ડીટેલ, બ્લોક ડીટેલ, ફાયર પ્રિવેન્શન, લાઈફ સેફ્ટી, ફાયર પ્રોટેક્શન, વગેરેનો સમાવેશ થાય છે તેની જરૂરી માહિતી ભરવા સાથે જરૂરી ડોક્યુમેન્ટ્સ પણ સબમિટ કરવાના રહેશે.

## માનસિક સ્વાસ્થ્યની સમસ્યાઓને કારણે ડોક્ટરોની આત્મહત્યામાં વધારો થતાં સ્વૈચ્છિક ટાસ્ક ફોર્સ મદદ કરે

(એજન્સી) તા.૨૧

ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા મેડિકલ એસોસિએશન (એફ.એ.આઈ.એમ.એ.)એ માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ અને ડોકટરોમાં આત્મહત્યામાં ચિંતાજનક રીતે વધી રહેલા પ્રતિભાવમાં રાષ્ટ્રીય માનસિક સ્વાસ્થ્ય ટાસ્ક ફોર્સની સ્થાપના કરી છે. ૨૪ કલાકની સ્વૈચ્છિક સુવિધામાં મનોવૈજ્ઞાનિકો, મનોચિકિત્સકો અને નિવાસી ડોકટરોનો સમાવેશ થાય છે, જે તણાવ અને માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓના સંચાલનમાં સહાય પૂરી પાડે છે. એસોસિએશને કેન્દ્રીય આરોગ્ય પ્રધાન મનસુખ માંડવિયાને લખેલા તેના પત્રમાં જણાવ્યું હતું.




એસોસિએશનના રાષ્ટ્રીય અધ્યક્ષ રોહન ક્રિષ્નને નોંધ્યું હતું કે, હવે તે સામાન્ય જ્ઞાન છે કે ડોકટરોનું વ્યસ્ત સમયપત્રક, વિરામ વિના લાંબા સમય સુધી ફરજ બજાવતા અને માનસિક તાણથી વધુ પડતા બોજારૂપ છે, જે એકલતા અને હતાશા તરફ દોરી જાય છે. F.A.I.M.A. દ્વારા પત્રમાં જણાવ્યું હતું કે, ‘પહેલ પાછળનો વિચાર ડોકટરો અને અન્ય લોકોને કહેવાનો છે કે અમે અમારા જુનિયર, સહકાર્યકરો અને અમારા સમુદાયના લોકોને તેમના જીવનનો અંત લાવવાની મંજૂરી આપી શકીએ નહીં. આપણે એક થઈને રહેવું જોઈએ અને અમારી વચ્ચે વધતી ચિંતા અને સમસ્યાઓનો ઉકેલ લાવવો જોઈએ.’ એસોસિએશને તમામ તબીબી વિદ્યાર્થીઓને તેના પ્રતિનિધિઓનો સંપર્ક કરવા વિનંતી કરી છે જો તેઓ ચિંતા અને ડિપ્રેશન સહિતની માનસિક સમસ્યાઓ સહન કરતા હોય. F.A.I.M.A.એ પણ સૂચન કર્યું છે કે કેન્દ્ર સરકાર અનુસ્નાતક તબીબી વિદ્યાર્થીઓના ફરજના કલાકોમાં ચુસ્તપણે પાલન કરે અને તેની ખાતરી કરે; દરેક તબીબી સંસ્થામાં માનસિક સુખાકારી કેન્દ્ર પ્રદાન કરો અને સ્ટાફ સભ્યો માટે સમર્પિત હેલ્પલાઈન નંબર છે, જેથી વિદ્યાર્થીઓ ખચકાટ વિના પહોંચી શકે.

૨૦૨૨ના ‘સ્વાસ્થ્ય સંભાળ વ્યાવસાયિકોમાં આત્મહત્યા એક ભારતીય પરિપ્રેક્ષ્ય’ શીર્ષકવાળા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, ભારતમાં તબીબી વિદ્યાર્થીઓ અને વ્યાવસાયિકોમાં આત્મહત્યાનું મુખ્ય કારણ શૈક્ષણિક તણાવ છે, ત્યારબાદ માનસિક બીમારી અને સતામણી આવે છે. અભ્યાસમાં જણાવાયું છે કે, ‘સ્નાતક ઈન્ટર્ન, અનુસ્નાતક નિવાસી ડોકટરો, જુનિયર ચિકિત્સકો અને નર્સિંગ પ્રોફેશનલ્સ માટે તણાવપૂર્ણ રીતે લાંબા કામના કલાકો તેમની માનસિક સુખાકારીને નોંધપાત્ર રીતે અસર કરે છે. તેઓ ઘણીવાર લાંબા સમય સુધી ભૂખ્યા રહે છે, સમય બચાવવા માટે ફાસ્ટ ફૂડ લે છે, ઊંઘનો અભાવ હોય છે અને ફરજ વચ્ચે અપૂરતો આરામ મળે છે. શિફ્ટ થાય છે. આ નોંધપાત્ર રીતે બર્ન-આઉટ અને તણાવ તરફ દોરી જાય છે.’ જેમને આત્મહત્યાના વિચારો ઉપર કાબુ મેળવવા માટે સહાયની જરૂર હોય તેઓ આસરાના ફોન નંબર ૦૨૨-૨૭૫૪૬૬૬૯ અથવા વાંદ્રેવાલા ફાઉન્ડેશનના ફોન નંબર ૧૮૬૦૨૬૬૨૩૪૫/૧૮૦૦૨૩૩૩૩૩૦ ઉપર સંપર્ક કરી શકે છે.

### રાજ્યમાં ડુંગળીની બબાલ ઉગ્ર બનવા ભણી !

# જન આંદોલન શરૂ કરી આખા ગાંધીનગરમાં ચારે બાજુ ડુંગળી-ડુંગળી કરી દેવાની ચીમકી



ગાંધીનગર, તા.૨૧

ડુંગળીના નિકાસ ઉપર પ્રતિબાંધને લઈ તેના ભાવો તળિયે જતા રાજ્યના ખેડૂતોની હાલત કફોડી બની છે. જેને લઈને સરકાર સમક્ષ રજૂઆતો કરવા સાથે ઠેર-ઠેર વિરોધ પ્રદર્શન કરાઈ રહ્યા છે. જેમાં હવે વિરોધ ઉગ્ર બને તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે. રાજ્યમાં દેખાવો વચ્ચે બોટાદ તાલુકા સેવા સદન બહાર જિલ્લા ભારતીય કિસાન સંઘ દ્વારા ડુંગળીની નિકાસ ઉપર પ્રતિબંધ મૂકવાને લઈ અને પૂરતા ભાવ ન મળતાં વિરોધ કરાયો છે. રોડ ઉપર ડુંગળી ફેંકી સૂત્રોચ્ચાર કરી વિરોધ પ્રદર્શન કરી ચક્કાજામ કરવામાં આવ્યો હતો. બોટાદ જિલ્લા ભારતીય કિસાન સંઘના પ્રમુખ ઈન્દ્રસિંહ રાયજાદાએ સરકાર ઉપર આકરા પ્રહારો કરતાં કહ્યું હતું કે જો અમને બોલવા દેવામાં નહિ આવે તો અમે જનઆંદોલન કરી સમગ્ર ગાંધીનગરમાં ડુંગળી ઉડાડીશું અને મંત્રીઓના ઘરે સામે પણ ડુંગળી નાખીશું. પોલીસે ભારતીય કિસાન સંઘના પ્રમુખ સહિત ૧૦ લોકોની અટકાયત કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે થોડા દિવસો પહેલાં ગોંડલ માર્કેટયાર્ડમાં પણ ખેડૂતોએ આત્મવિલોપનની ચીમકી આપી હતી અને પોલીસે ૬થી ૭ ખેડૂતોની અટકાયત કરી હતી. જાણો ડુંગળીનો આ સમગ્ર મામલો શું છે.

કેન્દ્ર સરકાર દ્વારા ડુંગળીની નિકાસ ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે, જેને લઈ ડુંગળી પકવતા ખેડૂતોને પૂરતા ભાવ નથી મળતા અને ખેડૂતોને રોવાનો વારો આવ્યો છે. ત્યારે બોટાદ જિલ્લા ભારતીય કિસાન સંઘના નેજા હેઠળ બોટાદ તાલુકા સેવા સદન કચેરી બહાર વિરોધપ્રદર્શન કરવામાં આવ્યું હતું. ભારતીય કિસાન સંઘ દ્વારા ડુંગળીના પૂરતા ભાવ મળે એને લઈ સૂત્રોચ્ચાર કરીને રોડ ઉપર ડુંગળીઓ ફેંકી ચક્કાજામ કરવામાં આવ્યો હતો. બીજી તરફ, રોડ ઉપર ચક્કાજામ થતાં પોલીસ દ્વારા જિલ્લા ભારતીય કિસાન સંઘના ૧૦ જેટલા લોકોની અટકાયત કરી હતી ૭ દિવસમાં ડુંગળીની નિકાસ શરૂ કરવામાં નહિ આવે તો ભારતીય કિશાન સંઘ દ્વારા ગાંધીનગર ખાતે તેમજ મંત્રીઓના ઘરે જઈ ડુંગળી ફેંકવામાં આવશે તેમ બોટાદ કિસાન સંઘના પ્રમુખ ઈન્દ્રસિહ રાયજાદાએ મીડિયાને જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે અમે અમારી થોડી ડુંગળી ગરીબ માણસોને આપી છે, જ્યારે બાકીની અમે રોડ ઉપર ફેંકી છે. એનું કારણ એ છે કે ડુંગળીના ભાવ ૮૦૦-૯૦૦ રૂપિયા હતા, એ ૨૦૦ રૂપિયા થઈ ગયા છે, જેથી ખેડૂતો અત્યારે ચિંતામાં છે, આથી અમે જિલ્લાના ખેડૂતો સામૂહિક રીતે ભેગા થઈ ગરીબ માણસોને ૧૦૦-૨૦૦ કિલો ડુંગળીનું મફત વિતરણ કર્યુ છે. ત્યારબાદ જ્યારે અમે અમારો અવાજ રજૂ કરવા આવ્યા ત્યારે આ સરકાર અમારો અવાજ દબાવે છે. તો આ સરકાર અમને ન્યાય નહિ આપે, અમને બોલવા નહિ દે તો આ ખેડૂતો શું કરશે ? ખેડૂતોના ન્યાય અને હક માટે જ્યારે ખેડૂતો બોલતા હોય ત્યારે તેમનો અવાજ દબાવવામાં આવે છે. આજે અમારી ધરપકડ થાય, અમને બોલવા ન દે, તો એ ક્યાં સુધી ચલાવી લેવું? એટલે હવે આ મુદ્દે જનઆંદોલન થશે. અમે ટૂંક સમયમાં ૪-૫ ગાડી આઈસર ભરી આખા ગાંધીનગરની અંદર ડુંગળી ડુંગળી કરી દઈશું, ચારે બાજુ ડુંગળી ઉડાડીશુ. મંત્રીઓનાં ઘર આગળ પણ ડુંગળી નાખી દઈશું. સરકારે જે પગલાં લેવા હોય એ લઈ શકે છે. અમે હવે પાછી પાની કરવાના નથી. ભારતીય કિશાન સંઘે આજે ઝંડો ઉપાડ્યો છે. ગોંડલ માર્કેટયાર્ડમાં સતત બીજા દિવસે ડુંગળીના ભાવમુદ્દે ખેડૂતોએ વિરોધ કર્યો છે. યાર્ડમાં સતત બીજા દિવસે ખેડૂતોએ ડુંગળીની હરાજી બંધ કરાવી છે. ડુંગળીની નિકાસબંધીને કારણે ખેડૂતોને ભાવ ન મળતાં એક ખેડૂતે આત્મવિલોપનની કરવાની ચીમકી આપી છે.

# ‘સરકાર વિપક્ષ અને સંમતિ વિના જ મુખ્ય બિલોને ધ્વસ્ત કરવા માંગે છે’ : અન્ય સાંસદોના સસ્પેન્શન પછી કોંગ્રેસનો વળતો પ્રહાર

નવી દિલ્હી, તા. ૨૧

કોંગ્રેસે સંસદમાં વિપક્ષી સાંસદોને સસ્પેન્ડ કરવા અંગે કેન્દ્ર સરકારની ટીકા કરી હતી અને દાવો કર્યો હતો કે ‘‘સરમુખત્યારશાહીનું આત્યંતિક સ્તર’’ સ્થાને છે અને ‘‘લોકશાહીને જ સસ્પેન્ડ કરવામાં આવી છે.’’ ૩૩ વિપક્ષી લોકસભા સાંસદોને સસ્પેન્ડ કર્યા પછી તરત જ કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે આ ‘‘નિરંકુશ’’ સરકાર દ્વારા તમામ લોકશાહી ધોરણોને કચરાના ડબ્બામાં ફેંકી દેવામાં આવ્યા છે અને તેણે સંસદ પ્રત્યે શૂન્ય જવાબદારી દર્શાવી છે. તેમણે એક્સ પર કહ્યુંકે, ‘‘પ્રથમ ઘુસણખોરોએ સંસદ પર હુમલો કર્યો. ત્યારે મોદી સરકાર સંસદ અને લોકશાહી ઉપર હુમલો કરી રહી છે. નિરંકુશ મોદી સરકાર ૪૭ સાંસદોને સસ્પેન્ડ કરીને તમામ લોકતાંત્રિક ધોરણોને કચરાના ડબ્બામાં ફેંકી રહી છે.’’ ૧૩ લોકસભા અને રાજ્યસભાના એક સાંસદને પહેલાથી જ સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. ખડગેએ કહ્યું કે, ‘‘અમારી પાસે બે સરળ અને સાચી માંગણીઓ છે, કેન્દ્રીય ગૃહમંત્રીએ સંસદની સુરક્ષામાં અક્ષમ્ય ભંગ અંગે સંસદના બંને ગૃહોમાં નિવેદન આપવું જોઈએ અને તેના ઉપર વિગતવાર ચર્ચા થવી જોઈએ.’’ કોંગ્રેસ અધ્યક્ષે કહ્યું કે વડાપ્રધાન એક અખબારને અને ગૃહમંત્રી ટીવી ચેનલોને ઈન્ટરવ્યુ આપી શકે છે ‘‘પરંતુ તેમની સંસદમાં શૂન્ય જવાબદારી રહી ગઈ છે - જે ભારતના લોકોનું પ્રતિનિધિત્વ કરે છે.’’ "વિપક્ષ વિનાની સંસદ સાથે મોદી સરકાર હવે મહત્વપૂર્ણ પેન્ડિંગ કાયદાઓને કચડી કરી શકે છે, કોઈપણ અસંમતિને કચડી શકે છે, કોઈપણ ચર્ચા વિના કરી શકે છે.’’ હોબાળા માટે સસ્પેન્ડ થયેલા લોકસભામાં કોંગ્રેસના નેતા અધીર રંજન ચૌધરીએ જણાવ્યું હતું કે તેઓ ગૃહમાં અગાઉના સસ્પેન્શનને રદ કરવાની માંગ કરી રહ્યા છે અને ગૃહમંત્રી ૧૩ ડિસેમ્બરના સંસદ સુરક્ષા ભંગ અંગે ગૃહમાં નિવેદન આપે તેવી માગ છે. ચૌધરીએ કહ્યું કે ગૃહમંત્રીએ લોકોને સંસદમાં સુરક્ષાના પગલાં વિશે જણાવવું જોઈએ. સસ્પેન્શન પછી તેમણે કહ્યું કે, ‘‘સદન ચલાવતી વખતે વિપક્ષને સાથે લેવું મહત્વપૂર્ણ છે. પરંતુ આજની સરકાર સરમુખત્યારશાહી ચરમસીમાએ પહોંચી ગઈ છે. તેઓ ‘બાહુબલીઓ’ (મસલમેન)ની લાકડી ચલાવી રહ્યા છે. તેઓએ દરેકને સસ્પેન્ડ કર્યા છે.’’ કોંગ્રેસ નેતા ગૌરવ ગોગોઈએ કહ્યું કે, ‘‘જે ભાજપના સાંસદ સાથે આ મુદ્દો શરૂ થયો હતો તેની સામે કોઈ પગલાં લેવામાં આવ્યા નથી. વિપક્ષ એવા લોકોનો અવાજ ઉઠાવી રહ્યો છે જેઓ અમિત શાહને પૂછે છે કે શા માટે ચાર લોકોએ એક શક્તિશાળી ગૃહમંત્રી હોવા છતાં સંસદની સુરક્ષાનો ભંગ કર્યો.’’ કોંગ્રેસના નેતા કેસી વેણુગોપાલે કહ્યું કે સંસદ હવે ચર્ચા અને વાદવિવાદ માટે નહીં સસ્પેન્શનનું સ્થળ બની ગયું છે. તેમણે કહ્યું કે, ‘‘એવું લાગે છે કે સરકાર ભારતમાં લોકશાહીના દરેક છેલ્લા ભાગને નષ્ટ કરવા માટે એડીચોટીનું જોર લગાવે છે. અમારા લોકસભાના નેતા અધીર રંજન ચૌધરી સહિત ૪૭ વિપક્ષી સાંસદોને બરતરફ કરવું એ દર્શાવે છે કે ભાજપ સંસદની સંસ્થાને ખતમ કરવા માંગે છે.’’ તેમણે કહ્યું કે, તેમની નજર હેઠળ થયેલા સુરક્ષા ભંગ માટે સરકારને સંસદમાં જવાબદાર ઠેરવવી જોઈએ. આ ઘૂસણખોરોને પાસ આપનાર ભાજપના સાંસદ સામે પગલાં લેવાને બદલે ભાજપ વિપક્ષી સાંસદોને સસ્પેન્ડ કરી રહી છે. ‘‘આ વલણથી તેઓ વિદેશમાં ભારતની પ્રતિષ્ઠા બગાડી રહ્યા છે. મજબૂત લોકશાહી તરીકે ભારતની સદ્‌ભાવના તેના ૭૦ વર્ષના લાંબા ટ્રેક રેકોર્ડમાંથી આવે છે.

# કોડીનાર તાલુકાના વિવિધ તળાવ અને બંધારા પર વનવિભાગ અને પ્રકૃતિ પ્રેમીઓ દ્વારા પક્ષી ગણતરી હાથ ધરાઈ

## દર વર્ષની જેમ આ વર્ષે પણ વિદેશી પક્ષીઓ કોડીનાર તાલુકાના મેહમાન બન્યા

## કુંજ, ફ્લેમિંગો, પેલિગન સહિતના ૧૫ થી વધુ વિદેશીઓ પક્ષીઓ સહિત ૩૦ થી ૩૫ પ્રજાતિના પક્ષીઓ જોવા મળ્યા






(મુગલ અલ્તાફ દ્વારા)
કોડીનાર તા.૨૧

કોડીનાર તાલુકાના વિવિધ તળાવો અને બંધારા ઉપર દર વર્ષે વિદેશી સહિતના પક્ષીઓ મહેમાન બનતા હોય છે.

દર વર્ષે વનવિભાગ દ્વારા વિવિધ તળાવો માં અને બંધારાઓ પર પક્ષી ગણતરી હાથ ધરવામાં આવે છે જેના ભાગ રૂપે આ વર્ષ પણ કોડીનારના નાનાવાડા તળાવ, સોડવ બંધારા,સંતેશ્વર અને રાતા તળાવ સહિત ના વિવિધ તળાવો માં વનવિભાગ અને પ્રકૃતિ પ્રેમીઓ દ્વારા પક્ષી ગણતરી હાથ ધરાય હતી.જેમાં વન વિભાગ અને પ્રકૃતિ પ્રેમીઓ દ્વારા અલગ અલગ ૩ ટિમો બનાવી અલગ અલગ તળાવો માં પક્ષી ગણતરી હાથ ધરવામાં આવી હતી. પક્ષી ગણતરી દરમ્યાન સોડવ બંધારા માં ફ્લેમિંગો , પેલીકનટ , નકટો ચમચો , નાની ડૂબકી , મોટી ડૂબકી , કરકરો અને કુંજ સહિત ૩૦ થી ૩૫ વધુ પ્રજાતિ નાં પક્ષી તળાવ માં જોવા મળ્યા જેમાં ૧૫ થી વધારે વિદેશી ( યાયાવર) પ્રજાતિ નાં પક્ષી જોવા મળ્યા છે જેમાં ફ્લેમિન્ગો , પેલિકન, ક્રેન , કૂટ, સ્પોન બીલ ,પોસાડ, ગજ્પાઉ ,વાઈટ આઈબીચ, નીલ શર , અને કોમ્ડક સહીત ૧૫ થી વધારે વિદેશી પ્રજાતિ (યાયાવર પક્ષીઓ) જોવા મળ્યા હતા જ્યારે ગુજરાત માં જોવા મળતા અનેક જળચર પક્ષીઓ પણ જોવા મળ્યા છે દર વર્ષ હજારો લાખો ની સંખ્યામાં વિદેશી પક્ષીઓ કોડીનાર ના તળાવો ના મહેમાન બને છે જે ટુરિસ્ટો ના આકર્ષણ નું કેન્દ્ર બને છે અહીં સમુદ્ર અને તળાવો નજીક હોવાથી મીઠા અને ખારૂં પાણી મિક્સ થાય છે જેથી તળાવ માં પુષ્કળ પ્રમાણ માં માછલી મળી રહે છે જેના કારણે યાયાવર પક્ષીઓ અહીં શિયાળો ગાળવા આવતા હોવાનું વન વિભાગે જણાવ્યું હતું. કોડીનારના તળાવોમાં વિદેશી પક્ષીઓ સહિત ના પક્ષીઓ શિયાળાની સીઝન માં આવતા હોય પ્રકૃતિ ખીલી ઉઠતા પ્રકૃતિ પ્રેમીઓ માં આનંદ ની લાગણી ફેલાઈ છે .આ તકે પ્રકૃતિ પ્રેમીઓ દિનેશ ગૌવસ્વામી અને જીગ્નેશ ગોહિલે વિદેશી પક્ષીઓ જ્યાં મોટી સંખ્યા માં આવે છે તેવા તળાવ અને દરિયા કિનારા જેવા મુખ્ય વિસ્તારો સરકાર દ્વારા વિકસિત કરે તેવી માંગ કરી હતી.

આ તકે પક્ષીઓ ની વસ્તી ગણતરી અંગે જામવાળા વન વિભાગ ના ફોરેસ્ટર મહેન્દ્રભાઈ રાઠોડે જણાવ્યા મુજબ દર વર્ષે વિદેશથી યાયાવર પક્ષિઓ ની અંદાજે ૬૫ પ્રજાતિ અહી વેકેશન ગાળવા માટે આવે છે..જેમાં પેલીગન, ફલેમિન્ગો,કુંજ,કોમન ક્રુ અને સોલવર સહિત ની અલગ અલગ પ્રજાતિ ના પક્ષિઓ આકર્ષણ નું કેન્દ્ર બન્યા છે,વિદેશ થી આવનારી કુંજ ગુજરાત માં થતી મગફળી ના પાક લણવા સમયે આવે છે તેમજ પેલીગન અને ફલેમિન્ગો છીછરા તળાવ કે કિનારા પર રહેઠાણ કરી નાની નાની માછલીઓ નો શિકાર કરી આનંદ લૂંટે છે,લાખો ની સંખ્યામાં ગીર સોમનાથ જિલ્લામાં વિદેશી પક્ષિઓ આવે છે. પરંતુ આ વર્ષ હજુ શિયાળાની શરૂઆત થઈ છે એટલે પક્ષીઓની સંખ્યામાં ઘટાડો જોવા મળી રહ્યો છે ત્યારે પહેલા તબ્બકા ગણતરીની અંદર ૩૦ જેટલી પ્રજાતિના પક્ષીઓ જોવા મળ્યા છે.જેમ જેમ ઠંડીમાં વધારો થશે તેમ તેમ પક્ષીઓની સંખ્યામાં પણ વધારો થશે તેવી આશા વ્યક્ત કરી હતી.

# કોડીનારના ગોવિંદપુર ભંડારીયા ગામે બે દીપડાના મૃતદેહ મળ્યા

## પ્રાથમિક તપાસમાં ઇનફાઇટ દમ્યાન ઝાડ પર ચડવા જતા ૧૧ કેવી વીજ લાઈનને અડી જતા દીપડા નું મૃત્યુ થયાનું જાણવા મળ્યું

(મુગલ અલ્તાફ દ્વારા)
કોડીનાર તા.૨૧

કોડીનાર તાલુકાના ગોવીંદપુર ભંડારીયા ગામે વીજ કરંટથી મૃત્યુ પામેલી હાલતમાં બે દીપડા નો મૃતદેહ મળતા ચકચાર મચી જવા પામી છે. બનાવ ની પ્રાથમિક વિગત જોઈએ તો કોડીનાર તાલુકાના ગોવીંદપુર ભંડારીયા ગામે પ્રતાપભાઈ મેરૂભાઈ બારડ રહેવાસી સીંધાજ ની વાડી માં ઉભેલ શેરડી ના વાડ પાસે ૨ દીપડા ના મૃતદેહ જોવા મળતા વાડી માલિકે વન વિભાગને જાણ કરતા વિભાગના જામવાળા રાઉન્ડના ફોરેસ્ટર એ.કે.અમીન,રાઉન્ડ ફોરેસ્ટર રવિભાઈ મોરી સહિતનો સ્ટાફ ઘટના સ્થળે પહોંચી બન્ને દિપડાઓના મૃતદેહ ની આસપાસ નો વિસ્તાર કોર્ડન કરી તપાસ કરતા વાડી પાસે આવેલ એક મંદિરની નજીક વિશાળ પીપળા ના ઝાડ પાસે થી ૧૧ કે.વી ની વીજ લાઈન પસાર થતી હોય તેમજ વાડી ની આસપાસ તપાસ કરતા બંને દીપડાઓના ફૂટમાર્ક પણ જોવા મળેલ તેમજ સાથે આ પીપળાના ઝાડ પર બંને દીપડાઓ ચડ્યા હોવાના નખના નિશાન પણ જોવા મળે છે. ત્યારે હાલ વન વિભાગ એ બંને દીપડાઓ ઈનફાઈટ દરમ્યાન ઝઘડતા ઝઘડતા પીપળાના ઝાડ ઉપર ચડ્યા હોય તે સમયે જ બાજુમાંથી પસાર થતી ૧૧ કે.વી ની વીજલાઈનમાં અડી જતાં બંને દીપડાઓના વીજ કરંટ થી કરુણ મૃત્યુ નીપજ્યા હોવાનું જાણવા મળ્યું હતું. આ સાથે સ્થળ પરના ફૂટમાર્ક,ઝાડ પર મળેલા નખ ના નિશાન તેમજ જે જગ્યા પર વીજ કરંટ લાગ્યો તે વાયર પરથી દીપડાની ચામડીના રુવાટી ના નિશાન સહિતના અવશેષો કબ્જે કરી બંને દીપડાઓના મૃતદેહ ને જામવાળા એનિમલ કેર સેન્ટર ખાતે પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી વનતંત્ર એ આગળની તપાસ હાથ ધરી છે.



# બી.ટી સવાણી કિડની હોસ્પિટલ દ્વારા ૧૯મું કિડની ટ્રાન્સપ્લાન્ટ સફળતા પૂર્વક કરાયું




રાજકોટ તા. ૨૧

રાજકોટ, ગુજરાત-સૌરષ્ટ્ર અને કચ્છ વિસ્તારની પ્રથમ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત કિડની ટ્રાન્સપ્લાન્ટ માન્યતા પ્રાપ્ત હોસ્પિટલમાં ૧૯ મું સફળતા પૂર્વક કિડની ટ્રાન્સપ્લાન્ટ કૃષ્ણકુમાર સિંગાલા, ૪૯ વર્ષીયનું કરવામાં આવ્યું અને તેમને નવજીવન મળ્યું. બી.ટી. સવાણી કિડની હોસ્પિટલ, યુરોલોજી ટીમના નેતૃત્વમાં - ડો. વિવેક જોષી, ડો. પંકજ ઢોલરિયા, ડૉ. અમીષ મહેતા, ડો. જીતેન્દ્ર અમલાણી, ડો. સુનિલ મોટેરિયા, અને ટ્રાન્સપ્લાન્ટ નેફ્રોલોજીસ્ટ ડો. દિવ્યેશ વિરોજા, ડો. પ્રફુલ ગજ્જરે દ્વારા કિડની ટ્રાન્સપ્લાન્ટની સર્જરી સફળતા પૂર્વક પાર પાડી કિડની દેનાર અને કિડની પ્રાપ્ત કરનાર બંનેને રજા આપવામાં આવેલ છે. કૃષ્ણકુમાર સિંગલાને તેમના ધર્મપત્ની શ્રીમતી શાલીનીબેનને તેમની કિડની આપને નિઃસ્વાર્થ પ્રેમનું ઉધારણ પૂરૂં પાડેલ છે. તેના વિષે જણાવતા શાલીનીબેન કહે છે કે, “અંગદાન દ્વારા મારા પતિના સ્વાસ્થ્ય અને સુખાકારી માટે જો હું કિડની ના આપું તો કોણ આપે? ઓપરેશ પછીની સારી સારસંભાળથી પાંચમાં દિવસે મને રાજા આપેલ હતી. હું અન્ય લોકોને પણ અંગદાન વિષે ગેરમાન્યતા દુર કરવા અને અંગદાન કરવા પ્રોત્સાહિત કરૂં છું”વધુમાં કૃષ્ણકુમાર સિંગાલએ બી.ટી. સવાણી કિડની હોસ્પિટલના તબીબો અને સ્ટાફનો આભાર વ્યક્ત કરતા જણાવેલ છે કે, હું બી.ટી. સવાણી કિડની હોસ્પિટલની સંગ્રહ ટીમના આત્મીયતા પૂર્વકની સારવાર અને સેવા માટે હૃદયપૂર્વક આભાર માનું છું. ઓપરેશ પછીના સમયમાં મારી તથા મારી પત્નીની હોસ્પિટલ સ્ટાફ દ્વારા ખુબજ સારી સારવાર કરવામાં આવી જેથી અમારી રીકવરી ખુબજ સરસ અને તીવ્રતાથી થયેલ છે.। બી.ટી. સવાણી કિડની હોસ્પિટલ સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં કિડનીને લગતા રોગોની સારવાર માટે હંમેશા મોખરે રહે છે. ત્યારે સૌરષ્ટ્ર અને કચ્છ વિસ્તારના લોકોને કિડની ટ્રાન્સપ્લાન્ટની સુવિધા ખુબજ રાહત દરે પૂરી પાડવા માટે પ્રતિબંધિત છે, તે ડો. વિશાલ ભટ્ટ (સી.ઓ.ઓ.) એ જણાવ્યું હતું.

# વિભાગીય નિયામક એસટી તંત્ર દ્વારા સોમનાથ યાત્રીઓને અન્યાય

## સોમનાથ - નાથદ્વારા રૂટ કેશોદ ડેપોને સોપતા અન્ય યાત્રાધામ મઢડા સોનલ ધામ પાવાગઢ મુંબઈની એકપણ એસટી બસ સેવાઓ નથી

વેરાવળ તા. ૨૧

વિશ્વ પ્રસિદ્ધ યાત્રાધામ સોમનાથ મહાદેવ મંદિર કે જયા દેશ વિદેશથી યાત્રીઓ દર્શન માટે આવતા હોય છે પણ જૂનાગઢ એસટી તંત્રના વિભાગીય નિયામક તેમજ અન્ય અધીકારીઓ, યાત્રીઓને અન્યાય થઈ રહેલ જેમાં વેરાવળ ડેપો દ્વારા સોમનાથ માતાના મઢ કરછની સુવિધાઓ એક ઝાટકે બંધ થઈ સોમનાથ-નાથદ્વારા રૂટ કેશોદ ડેપોને સંચાલન સોપતા નાથદ્વારા થઈ કેશોદ સુધીજ હોય જેથી વેરાવળ સોમનાથના મુસાફરને કેશોદ વહેલી સવારના કેશોદથી બીજી બસો બદલી નાના બાળકો મહીલાઓ સીનીયર સીટીઝનને હેરાન પરેશાન થઈ રહેલ છે. સારી આવક આવતી હોય તેમ છતા તંત્ર દ્વારા મનમાની કરી પ્રજા, યાત્રીઓને અન્યાય કરેલ છે. કેશોદ નજીક આવેલ આઈ સોનલ ધામ મઢડા ની પાવાગઢ મુંબઈ, મહારાષ્ટ્ર તરફ જવા માટે એકપણ એસટી બસ સેવાઓ ઉપલબ્ધ ન હોય આ ધાર્મિક યાત્રાધામને થઈ રહેલ અન્યાય સામે કોઈ ઉકેલ લાવવામાં

# વેરાવળ રેલ્વે સ્ટેશન નવીનીકરણને અમૃત ભારત યોજનામાં સમાવાયું

## નવી ડીઝાઈનથી ૯ કરોડ ૯૯ લાખના ખર્ચે ટેકનીકલ, તાંત્રીક, પેસેન્જરો, યાત્રિકોની સુવિધાઓ વધશે






વેરાવળ તા. ૨૧: ભારતના વડાપ્રધાન અને સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ નરેન્દ્ર મોદી અને રેલ્વેમંત્રી અશ્વિનીકુમારે નવી ડીઝાઈનના ફેરફાર સાથે રૂા.૯ કરોડ ૯૯ લાખના ખર્ચે ટેકનીકલ તેમજ યાત્રિકોની સુવિધાઓ અર્થે વેરાવળ રેલ્વે સ્ટેશનને નવો કાયાકલ્પ આપવાનો પ્રારંભ થઈ રહયો છે. રેલ્વે પેસેન્જર સૌરાષ્ટ્ર એસો.ના મંત્રી મુકેશ ચોલેરાએ આ અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રેલ્વે મંત્રી અશ્વિનીકુમાર, ડીઆરએમ અહેમદ મકસુદ તથા રેલ્વે એસ.એસ. મહાપાત્રાનો કમીટીએ આભાર માનવી નવી ડીઝાઈન નિહાળી હતી. આ સમગ્ર કાર્યમાં જૂનાગઢના સાંસદ રાજેશ ચુડાસમા સાથે રહયા હતા. તેમજ ભારતીય જનતા પક્ષનો આભાર પણ આ તકે માનવામાં આવેલ છે.

# ૩૦ વર્ષ બાદ ભારતનો મોસ્ટ વોન્ટેડ ટાઈગર મેમણ જોવા મળ્યો

નવી દિલ્હી ૨૧

મુંબઈમાં ૧૯૯૩માં થયેલા અનેક બોમ્બ બ્લાસ્ટના ગુનેગારોમાંના એક ટાઈગર મેનનને પાકિસ્તાને જગ્યા આપી છે. તે કરાચીમાં રહે છે, તે અહીંના ડિફેન્સ એરિયામાં બનેલા આલીશાન બંગલામાં રહે છે. બંગલાની આસપાસ કડક સુરક્ષા ગોઠવવામાં આવી છે. આ સમગ્ર વિસ્તાર સીસીટીવીની દેખરેખ હેઠળ છે. ટાઈગર મેમણનું સાચું નામ ઈબ્રાહિમ મેમણ છે. અંડરવર્લ્ડમાં આવ્યા બાદ તેનું નામ ઈબ્રાહિમથી બદલીને ટાઈગર થઈ ગયું હતું. તેનો પરિવાર મુંબઈનો રહ્યો હતો.. આ પરિવારનો મુખ્યા અબ્દુલ રઝાક મેમણ હતા, જે એક વેપારી હતો. તે તેની બેગમ હનીફા અને છ પુત્રો સાથે મુંબઈની ભીંડી બજાર વિસ્તારમાં રહેતો હતો. તેનો સૌથી નાનો પુત્ર ઈબ્રાહિમ ઉર્ફે ટાઈગર મેમણ ૮૦ સમયગાળામાં અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમના સંપર્કમાં આવ્યો હતો અને તેના કાળા ધંધામાં સામેલ થઈ ગયો હતો. ટાઈગર મેમણનો બીજો ભાઈ યાકુબ મેમણ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ હતો. તે તેના ભાઈ ટાઈગરના કાળા ધંધામાં પણ સામેલ થઈ ગયો. યાકુબનું કામ ટાઈગરના કાળા નાણાને સુરક્ષિત જગ્યાએ રાખવાનું હતું.. ૧૨ એપ્રિલ ૧૯૯૩ના રોજ મુંબઈમાં સ્ટોક એક્સચેન્જ બિલ્ડિંગથી શરૂ કરીને અલગ-અલગ જગ્યાએ ૧૨ બ્લાસ્ટ થયા હતા. આ સીરિયલ બ્લાસ્ટમાં ૨૫૭ લોકો માર્યા ગયા હતા અને ૭૦૦ લોકો ઘાયલ થયા હતા. આ વિસ્ફોટોનો માસ્ટર માઈન્ડ દાઉદ ઈબ્રાહીમ હતો, જે દુબઈ ભાગી ગયો હતો અને હવે પાકિસ્તાનમાં આશરો લીધો છે. ટાઈગર દાઉદનો ખાસ માણસ હતો. ૧૯૯૩ના મુંબઈ સિરિયલ બ્લાસ્ટ બાદ તે પણ તેની સાથે દુબઈ ફરાર થઈ ગયો હતો.. તેના ભાઈ યાકુબ મેમણની ૧૯૯૪માં દિલ્હીથી ધરપકડ કરવામાં આવી હતી.



ટાઈગરના પિતા રઝાક, માતા હનીફા, ભાઈઓ ઈસા અને યુસુફ, યાકુબની પત્ની રહીના, મોટા ભાઈની બેગમ રૂબીનાને પણ મુંબઈ બ્લાસ્ટમાં આરોપી હતા. મુંબઈની વિશેષ ટાડા કોર્ટે નવેમ્બર ૨૦૦૬માં ૧૯૯૩ના મુંબઈ એક પછી એક બ્લાસ્ટ કેસમાં પોતાનો ચુકાદો સંભળાવ્યો હતો. કુલ ૬૦૦ લોકોની જુબાની અને પુરાવાના આધારે આ કેસમાં ૧૦૦ લોકો દોષિત સાબિત થયા હતા.. ગુનેગારોમાં યાકુબ મેમણ, યુસુફ મેમણ, ઈસા મેમણ અને રૂબીના મેમણના નામ પણ સામેલ હતા, જયારે મુખ્ય આરોપી ટાઈગર મેમણ ફરાર હતો.

મુંબઈ બોમ્બ વિસ્ફોટોમાં સંડોવણી બદલ કોર્ટે યાકુબ મેમણને ફાંસીની સજા સંભળાવી હતી. ૩૦ જુલાઈ ૨૦૧૫ના રોજ નાગપુર સેન્ટ્રલ જેલમાં તેને ફાંસી આપવામાં આવી હતી. ટાડા કોર્ટે યાકુબ મેમણને તેના ભાઈ ટાઈગરના ફંડને હેન્ડલ કરવા, ૧૫ યુવાનોને તાલીમ આપવા, હથિયારો અને દારૂગોળો સંભાળવા માટે ગુપ્ત સ્થાને મોકલવા, બોમ્બ વિસ્ફોટોમાં ઉપયોગમાં લેવાતા વાહનો ખરીદવા, દારૂગોળો અને શસ્ત્રોનો સંગ્રહ કરવા બદલ દોષી ઠેરવ્યો હતો.

# નવા વર્ષમાં કેન્દ્રીય કર્મચારીઓને ૪૬ ટકા ડીએનો લાભ મળશે

નવી દિલ્હી તા.૨૧

૨૦૨૩ની જેમ નવું વર્ષ ૨૦૨૪ પણ કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનરો માટે ઘણી ભેટ લઈને આવનાર છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, નવા વર્ષમાં કર્મચારીઓના મોંઘવારી ભથ્થા (DA) અને પેન્શનરોના મોંઘવારી રાહત (DR)માં ૪ ટકાનો વધારો થઈ શકે છે, જેના કારણે પગાર અને પેન્શનમાં બમ્પર વધારો થઈ શકે છે. શ્રમ મંત્રાલય દ્વારા જારી કરાયેલા અંદાજ મુજબ, AICPI ડેટા જુલાઈથી ઓક્ટોબર સુધીના સમયગાળા માટે જાહેર કરવામાં આવ્યો છે. નવેમ્બર અને ડિસેમ્બરના ડેટા આવવાના બાકી છે, ત્યાર બાદ જ સ્પષ્ટ થશે કે નવા વર્ષમાં કેટલો ડીએ વધશે. માનવામાં આવે છે કે સરકાર બજેટમાં ડીએમાં વધારાની જાહેરાત કરી શકે છે. કેન્દ્રીય કર્મચારીઓને ૪૬ ટકા ડીએનો લાભ મળે છે. તેનો અમલ જુલાઈથી ડિસેમ્બર ૨૦૨૩ સુધી કરવામાં આવ્યો છે. ડીએમાં આગામી વધારો જાન્યુઆરી ૨૦૨૪માં થશે, જેની જાહેરાત હોળીની આસપાસ થવાની ધારણા છે. AICPI ઈન્ડેક્સના અર્ધવાર્ષિક ડેટાના આધારે જાન્યુઆરી અને જુલાઈમાં કર્મચારીઓ-પેન્શનરોના DA અને DR દરોમાં સુધારો કરવામાં આવે છે. જાન્યુઆરી અને જુલાઈ સહિત ૨૦૨૩માં કુલ ૮% DAમાં વધારો કરવામાં આવ્યો છે અને હવે આગામી DAમાં જુલાઈથી ડિસેમ્બર ૨૦૨૩ સુધીના AICPI ઈન્ડેક્સ ડેટાના આધારે વર્ષ ૨૦૨૪માં સુધારો કરવામાં આવશે.. વાસ્તવમાં, ૩૦ નવેમ્બરના રોજ, શ્રમ મંત્રાલયે AICPI ઈન્ડેક્સના ઓક્ટોબરના આંકડા બહાર પાડ્યા છે, જેમાં ૦.૯ પોઈન્ટના વધારા પછી, સંખ્યા ૧૩૮.૪૫ પર પહોંચી ગઈ છે અને DA સ્કોર ૪૯% ની નજીક પહોંચી ગયો છે. એવું માનવામાં આવે છે કે નવા વર્ષમાં DAમાં ૪ ટકા અથવા ૫ ટકાનો વધારો થઈ શકે છે.

# ઠાકોરજીને ચાંદીની અંગીઠીમાં તાપણું રાજભોગમાં અડદીયા-ઓળાનો ભોગ



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૨૧

આ અંગે દ્વારકાધીશ મંદિરના પૂજારીના જણાવ્યા મુજબ માગસર મહિનામાં સૂર્ય ધનરાશિ માં રહેતો હોય ધનુર્માસની તિથિઓ દરમ્યાન સવારે ૫:૩૦ કલાકે મંગળા આરતી બાદ સૂર્યોદય પહેલા અભિષેક કરવામાં આવે છે જ્યારે ૧૦:૩૦ કલાકે અનોસર (મંદિર બંધ) થાય છે શિયાળાની કાતિલ ઠંડીના સમયમાં ઠાકોરજીને અભિષેક બાદ ઠાકોરજીની સેવામાં સૌભાગ્ય સૂંઠ જેમાં સૂંઠ ઘી ગોળ મરી તજ કેશર કાળી મુસલી ધોળી મુસલી બદામ પિસ્તા કાજુ ઠાકોરજીને ધરાવવામાં આવે છે ચાંદીના વાસણમાં સૌભાગ્ય સાંપડ્યું સુંઠ તથા કેશર યુકત ગરમ દૂધ અર્પણ કરી ઠંડી ઓછી પડે તેવો ભાવ વ્યક્ત કરવામાં આવે છે. શિયાળાના સમયમાં ભગવાન શ્રી દ્વારકાધીશને સોનાના દાગીના પરિધાન કરાવવામાં આવે છે

ભગવાનને ધરાવતા ભોગમાં રાજભોગ સમયે અડદીયાનો ભોગ તેમજ બાજરાનો રોટલો, રીંગણાનો ઓળો, નરમ ખીચડી વગેરેનો ભોગ ધરાવવામાં આવે છે ઉપરાંત શ્રી દ્વારકાધીશને પણ ગરમ વસ્ત્રો જેવા કે બંડી,શાલ તેમજ ગરમ જાકીટ,ઊનનો કોટ સહિતના વસ્ત્રો પરિધાન કરવામાં આવે છે રાત્રીના સમયે પણ શૃંગાર કરી ગરમ કોટ વુલન કપડાંનો અને કાશ્મીરી પશ્મિના શાલ,સિલ્કની રજાઈ સાથેની સેજા સજાવવામાં આવે છે આ પ્રકારનો દર્શન ક્રમ ઠંડીના દિવસોમાં આયોજવામાં આવે છે.શયન સમયે ઠાકોરજીને ગરમ સેજા પાથરવામાં આવે છે જેના પર ઠાકોરજીને વિશ્રામમાં જાય તેવો ભાવ વ્યક્ત કરવામાં આવે છે રાત્રે ઓઢાડેલ ગરમ શાલ સવારે મંગલા આરતી સુધી રાખવામાં આવે છે?.આ ઉપરાંત તીવ્ર ઠંડી હોય ત્યારે જગતમંદિરના વારાદાર પૂજારીઓ દ્વારા ઠાકોરજીને સવારે મંગલા આરતી તેમજ અભિષેક પૂજન બાદ અને સાંજે સંધ્યા સમય બાદ ચાંદીની અંગીઠીમાં અગ્નિ પ્રજ્વલિત કરી ઉષ્માપર્ણ નો ભાવ વ્યક્ત કરાય છે.

# જૂનાગઢમાં માંગનાથ રોડ ઉપર ભુગર્ભ ગટરના કામને અટકાવવા વેપારીઓના ધરણા



(ફોટો)જૂનાગઢ તા.૨૧

જૂનાગઢ શહેરમાં કોઈ વિસ્તાર એવો નથી કે જયાં પ્રાથમિક સુવિધાના પ્રશ્ને લોકોનો ફરીયાદ ન હોય શહેરના તમામ માર્ગો ઉપર કયાંક ખાડા કયાંક ગટરના ઢાંકણા ખુલ્લા તો કયાંક ઉચા લેવલથી ઢાંકણા ફીટ કરી દેવામાં આવ્યા હોવાના બનાવને પગલે આ શહેરના માર્ગો ખાડાવાળા અને ગટરના ઢાંકણા ફુટી નીકળ્યા હોય એવું લાગે છે આ ઉપરાંત ભુગર્ભ ગટરના કામોને લઈને લોકોને ત્રાસરૂપ સ્થિતિ સર્જાણી છે એટલું જ નહી આવા અધુરા કામને છોડી પણ મુકવામાં આવતા હોય છે આ સમસ્યાનો ગંજ રોજે રોજ ખડકાય છે અને લોકો અનેક સમસ્યાઓથી પીડાઈ રહ્યા છે ત્યારે આજે જૂનાગઢ શહેરના હાર્દસમા એવા માંગનાથ રોડ ઉપર ચાલતા ભુગર્ભ ગટરના કામને અટકાવવા માટે આ લખાય છે ત્યારે વેપારીઓ દ્વારા ધરણા ઉપર બેસી ગયા હોવાનું જાણવા મળેલ છે.

# જૂનાગઢ બાર એસોસિએશનની આવતીકાલે ચૂંટણી : ભારે રસાકસી

જૂનાગઢ તા.૨૧

આવતીકાલે જૂનાગઢ બાર એસોસિએશનની અત્યંત રસાકસી ભરી ચૂંટણી યોજાઈ રહી છે. અને વકીલોમાં ભારે ઉત્સાહ પ્રવર્તી રહયો છે. વકીલ મિત્રોએ આ ચુંટણી માટે જોરશોર પ્રચાર તંત્રને વેગવાન બનાવ્યું હતું. ગ્રુપ મેસેજીસ, સોશ્યલ મીડીયાનો પણ ભરપુર ઉપયોગ કરવામાં આવી રહયો છે. અને આ ચુંટણીને લઈને તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહયો છે. બાર એસોસીએશનની ચુંટણી પર સંબંધીત તમામની મીટ મંડાયેલી છે. દરમ્યાન જૂનાગઢ બાર એસોસીએશનની આવતીકાલે યોજાનારી ચુંટણીમાં દાવેદારી નોંધાવનારા વકીલ મિત્રો ઉપર એક દ્રષ્ટાપાત કરીએ તો આ ચુંટણી માટે પ્રમુખ, ઉપપ્રમુખ, સેક્રેટરી, જોઈન્ટ સેક્રેટરી, ખજાનચી, કારોબારી સભ્યો સહિતના ૧૪ હોદ્દેદારોની ચૂંટણી માટે આવતીકાલે મતદાન થશે. જૂનાગઢ બાર એસોસિએશનના ૧૪ હોદ્દેદારોની ચૂંટણી જાહેર થતા કુલ ૬૦ ફોર્મ ભરાયા હતા. જેમાં તા.૧૧ ડિસેમ્બરે ફોર્મની ચકાસણી કરવામાં આવી, તા.૧૨ ડિસેમ્બરે ફોર્મ પરત ખેંચવાની અંતિમ તારીખ હતી જેથી ચૂંટણી ચિત્ર સ્પષ્ટ બન્યું હતું, જેમાં ફાઈનલ ઉમેદવારો તરીકે પ્રમુખ પદ માટે ગજેરા મનસુખભાઈ અરજણભાઈ, જયદેવભાઈ રસિકલાલ જોશી, દિપેન્દ્ર અમરનાથ યાદવ, ઉપપ્રમુખ માટે ધર્મિષ્ઠાબેન જગદિશભાઈ જોશી, કુંભાણી ધીરજલાલ વ્રજલાલ, લાખાણી મહેશકુમાર ભગવાનજી, નરેન્દ્ર લાલજીભાઈ મોણપરા, યોગેન્દ્રસિંહ મનહરસિંહ ઠાકોરના ફોર્મ રહ્યા છે. તેમજ સેક્રેટરી પદ માટે મનોજ મનહરલાલ દવે, ગજેરા મનસુખભાઈ અરજણભાઈ, ભાવેશ મેરામભાઈ ઝીઝુવાડીયા, જોઈન્ટ સેક્રેટરી માટે ચૌહાણ ધર્મિષ્ઠાબેન, હિરેન રજનીકાંત ગણાત્રા, રાજકુમાર દયારામ હિરાણી, મહેશચંદ્ર બાલકૃષ્ણ જાની, ખજાનચી માટે બાબરીયા અજીતભાઈ સમજુભાઈ, ભટ્ટ નીલેશ પ્રવિણચંદ્ર, મારૂ હસમુખ ભગવાનજીના ફોર્મ માન્ય રહ્યા છે. તેમજ સીનીયર કારોબારી સભ્ય માટે ૭ ફોર્મ, મહિલા અનામત કારોબારી માટે ૪ અને કારોબારી સભ્ય માટે ૨૪ ફોર્મ માન્ય રહ્યા છે. જેમાં આવતીકાલે તા.૨૨ ડિસેમ્બરે મતદાન થશે. જેમાં કુલ ૭૬૬ મતદારો છે અને મતદાન બાદ બીજા દિવસે તા.૨૩ ડિસેમ્બરે પરિણામ જાહેર કરવામાં આવશે. સમગ્ર ચૂંટણી પ્રક્રિયા માટે ચૂંટણી અધિકારી આર.ડી. ઠાકરની નિયુકતી કરવામાં આવી છે.

# બાંટવામાં રહેણાંક મકાનમાં જુગાર દરોડો : એક મહિલા સહિત છ સામે કાર્યવાહી

(ક્રાઈમ રીપોર્ટર)

બાંટવા તા.૨૧

માણાવદર તાલુકાના બાંટવા ગામે એક રહેણાંક મકાનમાં જુગાર રમાતો હોવાની ચોકકસ બાતમીના આધારે પોલીસે જુગાર અંગે દરોડો પાડી એક મહિલા સહિત છ સામે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ બનાવ અંગે બાંટવા પોલીસે આપેલી વિગત અનુસાર બાંટવા પોલીસ સ્ટેશનના પોલીસ કોન્સટેબલ પી.જે.રાયજાદાએ જાતે ફરીયાદી બની નોંધાવેલી ફરીયાદમાં જણાવેલ છે કે, આ કામના આરોપીઓ માલદેભાઈ જેશાભાઈ પરમાર તેમજ જયશ્રીબેન માલદેભાઈ પરમારે પોતાના અંગત ફાયદા માટે બહારથી માણસો બોલાવી ગંજીપાના વડે જુગારનો અખાડો ચલાવતા હોય પોલીસે પાડેલા દરોડા દરમ્યાન વિજયભાઈ હિરાભાઈ ગરચર રહે. વાસાવાડી કેશોદ, રામભાઈ આતીયાભાઈ ખુંટી રહે.ગોરચર ગામ તા.જી.પોરબંદર, દેવશીભાઈ નારણભાઈ ચાંડેરા રહે.મૈયારી ગામ તા.કુતીયાણા જી.પોરબંદર, લાખાભાઈ રામાભાઈ ઓડેદરા રહે. એરપોર્ટ રોડ, નાગેશ્વર સોસા. કેશોદવાળાને રૂા.૪૭૧૧૦ની રોકડ, ૩ મોબાઈલ, ૩ મોટર સાયકલ વગેરે મળી કુલ રૂા.૧,૧૩,૬૧૦ના મુદ્દામાલ સાથે ઝડપી લેવામાં આવેલ છે. મહિલા જયશ્રીબેનને પોલીસ સ્ટેશનને હાજર રહેવા નોટીસ આપવામાં આવી છે. તમામ સામે જુગારધારા કલમ ૪ ૫ અંતર્ગત ગુનો દાખલ કરવામાં આવેલ છે. આ બનાવની વધુ તપાસ બાંટવા પોલીસ ચલાવી રહી છે.

### સેવા અને સાદગીના સ્વરૂપ

# પૂજય સૂર્યકાંન્તભાઈ આચાર્યની ૧૫મી વાર્ષિક પુણ્યતિથી નિમીતે શ્રધ્ધાજલી પાઠવતા ડોલરભાઈ કોટેચા

જૂનાગઢ તા.૨૧

જૂના જનસંઘી, રાષ્ટ્રીય સેવા સંઘના પ્રબળ સભ્ય, રાજય સભાના સભ્ય તથા જે ચરૈવેતિ ચરૈવેતિ મંત્રને જીવનમંત્ર બનાવનાર સેવા સાદગીના સ્વરૂપ પૂ. સૂર્યકાંન્તભાઈ આચાર્યની ૧૫મી વાર્ષિક પુણ્યતિથીના સ્મૃતિ પર્વ નિમિતે યોજવામાં આવેલ 'અર્ઘ્ય' માં તેમના જીવન કવનને શિક્ષા દિક્ષા સ્વરૂપે નવી પેઢી સુધી પહોંચાડવાના પ્રયાસ કરવામાં આવેલ છે તે કાર્યક્રમને સંપૂર્ણ સફળતા વરે તે માટે ખેતી બેંક ગુજરાત અને નાફર્ડના ચેરમેન ડોલરભાઈ કોટેચાએ ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવેલ છે. સાથો સાથ પૂજય સૂર્યકાંન્તભાઈ આચાર્યને હદયથી યાદ કરીને તેમને શ્રધ્ધાજલી પાઠવી હતી.

# ૮૩ લાખની છેતરપીંડી પ્રકરણમાં એચડીએફસી કર્મચારીના ડિમેટ એકાઉન્ટ ફ્રીજ કરાશે

જૂનાગઢ તા.૨૧

એચડીએફસી બેન્કના રૂપિયા ૮૩ લાખના ઉચાપત, છેતરપિંડીના કેસમાં પોલીસે આરોપીના ડિમેટ એકાઉન્ટ ફ્રીજ કરવા કવાયત ધરી છે. મોતીબાગ પાસે આવેલ એચડીએફસી બેક્નો કર્મચારી રાજ યોગેશભાઈ મણીયાર ૩૧ માસની નોકરીમાં ૮૩ લાખ ઓળવી તેની સામે ઉચાપત-છેતરપિંડીની ફરિયાદ થઈ છે.

જેના પગલે પોલીસે આરોપીની અટક કરી તેને ૨૬ ડિસેમ્બર સુધી રિમાન્ડ પર મેળવી તપાસ, પુછપરછ હાથ ધરી છે. દરમ્યાન ડીવાયએસપી હિતેશ ધાંધલીયાએ જણાવ્યું હતું કે, શહેરમાં નહેરૂ પાર્ક સોસાયટીમાં આવેલ નોબલ ટાવર એપાર્ટમેન્ટમાં રહેતો આરોપી રાજ મણીયારે ક્રેડિટ કાર્ડથી રૂપિયા ૮ થી ૧૦ લાખનું દેવું થઈ જતા તેણે શેર માર્કેટમાં કામ શરૂ કર્યું હતું જેમાં પણ તેને નુકસાન જતા એચડીએફસીના ગ્રાહકોના નાણાં ઓળવી જવા ઉપરાંત બેક્ના રૂપિયા ૩૬,૬૧,૨૦૦ની પણ ઉચાપત કર્યાની ફરિયાદ થઈ છે. આથી આરોપીના શેર માર્કેટના કામકાજની વિગતો મેળવવા તેના ડિમેટ એકાઉન્ટ ફ્રીઝ કરવા માટે એન્જલ બ્રોકીંગ સહિતને રિપોર્ટ કરવામાં આવ્યો છે. હાલ આરોપી રિમાન્ડ પર છે. પરંતુ પુછપરછ દરમ્યાન મગનું નામ મરી પાડતો નથી. વિશેષ તપાસ સી ડિવિઝનનાં ઈન્ચાર્જ મહિલા પીએસઆઈ કે. કે. મારૂ ચલાવી રહ્યા છે.

# શુક્રવારે આ વર્ષની સૌથી લાંબી રાત્રી

આપણા હિન્દુ પંચાગનો સંબંધ સિધ્ધો આકાશ સાથે રહેલ। છે અને આકાશ મંડળમાં રહેલા ગ્રહો પ્રમાણે આપણુ પંચાગ બને છે. આપણું પંચાગ સાયન અને નીરયન પધ્ધતિ પ્રમાણે ચાલે છે. તેમાં સાયન પધ્ધતિ પ્રમાણે શુક્રવારે તા. ૨૨-૧૨- ૨૩ના દિવસથી સાયન ઉત્તરાયણની શરૂઆત થશે શિશિર ઋતુ ની શરૂઆત થશે.

આપણી પૃથ્વીની ધરી ૨૩.૫ ડિગ્રી નમેલી છે. આથી લાંબો દિવસ અને લાંબી રાત્રી થતી હોય છે. આથી દરેક ઋતુનો અનુભવ થાય છે. આપણી વૈદિક પદ્ધતિ પ્રમાણે અક્ષાંસ રેખાંશ પ્રમાણે દરેક ગામનું સૂર્યોદય અને સૂર્યઅસ્ત જાણી શકાય છે. સૌરાષ્ટ્રમાં સરેરાશ જોતા સૂર્યોદય સવારે ૭.૨૩ અને સૂર્ય અસ્ત સાંજે ૬.૦૭ છે

જ્યારે ગુજરાતમાં સરેરાશ સૂર્યોદય સવારે ૭.૧૮ અને સૂર્ય અસ્ત સાંજે ૫.૫૮ છે

તા. ૨૨-૧૨- ૨૩ શુક્રવાર ના દિવસે ગુજરાતના મોટાભાગના શહેરોના સૂર્યોદય અને સૂર્યાસ્ત પ્રમાણે સરેરાશ જોતા દિવસ ૧૦:૪૪ કલાકનો છે અને રાત્રી ૧૩કલાક અને ૧૬ મીનીટ ની રહેશે. આથી વર્ષની સૌથી લાંબી રાત્રી શુક્રવારે છે.તા.૨૨- ૧૨-૨૩ ને શુક્રવાર બાદ દિવસ લાંબો થતો જશે અને રાત્રી ટૂકી થતી જશે.

જ્યોતિષી રાજદીપ જોશી (વેદાંત રત્ન)


# શુક્રવારે ગીતા જયંતી નુ મહત્વ તથા પૂજન

માગશર સુદ દસમ ને તા.૨૨ ડિસેમ્બર ને શુક્રવાર ના દિવસે સાથે અગિયારસ તીથી પણ છે આ દિવસે અગિયારસ તિથિનો ક્ષય છે આથી આ વર્ષે માગસર સુદ દશમ ને શુક્રવારે ગીતા જયંતી છે અને સાથે મોક્ષાદા એકાદશી પણ આજે દિવસે ગણાશે . ગીતા સંસાર ના બધાન દુઃખોમાંથી છુટવાનો સરળ ઉપાય છે. ગીતાને વેદોથી પણ શ્રેષ્ઠ ગુણવાતા આવેલ છે. કારણ કે વેદોનો અભ્યાસ લાંબો અને અઘરો છે. પરંતુ ગીતાને દરેક વ્યકતિ સરળતાથી સમજી શકે છે. તેમાં ખાસ કરીને ગીતાને સમજી અને વ્યકિત પોતે તો મુકિત પામે છે. પરંતુ બીજા લોકોને પણ મુકિત અપાવે છે. કરોડો યજ્ઞ કરો પરંતુ ગીતાના જ્ઞાન વગર નકામુ છે. મહાત્મા ગાંધીજી કહેતા જયારે હું સંકટમાં પડું છું ત્યારે ગીતાનો સહારો લઉ છું. ભગવાન પોતે કહે છે ગીતા મારો પણ ગુરૂ છે મારૂ હૃદય છે અને અવિનાશી જ્ઞાન છે આ ગીતા મારૂ ઘર છે. અને ગીતાનો સહારો લઈ અને ત્રણેય લોકનું હું પાલન કરૂ છું. જે લોકોને પિતૃદોષ હોય તેવા લોકોએ પિતૃના આર્શીવાદ મેળવા માટે ભાગવત ગીતાનું અનુષ્ઠાન કરી શકે છે. ગીતાના પાઠ કરી શકાય છે.

જાણો ગીતા જયંતીના દિવસે ગીતા ના પુસ્તકનું પૂજન કઈ રીતના કરવું, સૌપ્રથમ સામે બાજોઠ ઉપર સફેદ કપડા ઉપર ગીતાનું પુસ્તક રાખવું ત્યાર બાદ તેને ચાંદલો ચોખા કરી પાચનામ લેવા કેશવાય નમઃ, ૐ નારાયણાય નમઃ, માધવાય નમઃ, ૐ ગોવિન્દાય નમઃ ૐ શ્રીકૃષ્ણાય નમઃ અને ત્યાર બાદ થોડા અબીલ ગુલાલ કંકુ અર્પણ કરવા ફુલ ચડાવું નૈવેધ અર્પણ કરવું. આરતી કરવી, ગીતાજીના પાઠ કરવા અને ગીતા વાચી ન શકાય તો પેલા મહત્વ અને ત્યાર બાદ પેલો, ચોથો, નવમો, અગીયારમો, તેરમો અને પંદરમો અધ્યાયનો પાઠ કરવો અથવા કોઈ પણ એક જ અધ્યાયનો પાઠ કરવો. આમ કરવાથી ઘરમાં શાંતી રહે છે અને પિતૃદોષમાંથી મુકિત મળે છે. આખું વર્ષ દરરોજ ગીતાના એક અધ્યાયનો પાઠ દરેક ભારતવાસીઓએ કરવો જોઈએ.

-શાસ્ત્રી રાજદીપ જોશી (વેદાંતરત્ન)

# ખંભાળિયાના ૪૭ ગામોમાં સ્ત્રી સશક્તિકરણ માટે અનોખી પહેલ મહિલા અને બાળકોની જાગૃતિ માટેના બોર્ડ લગાવાયા



(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૧


"બેટી બચાઓ બેટી પઢાઓ" યોજના દિકરીના જન્મદરમાં વધારો લાવવા, દિકરીઓનું સમાજમાં સર્વાંગી સશક્તિકરણ કરવા, દિકરીના શિક્ષણમાં વધારો કરવા અને ડ્રોપ આઉટ રેશીયો ઘટાડવા તથા બાળ લગ્ન અટકાવવા માટે અમલમાં મુકવામાં આવી છે. સમાજમાં જાગૃતતા આવે અને યોજનાના હેતુ સાર્થક કરવા માટે ખંભાળીયા તાલુકાના ૪૭ ગામોમાં ગુડ્ડા ગુડ્ડી બોર્ડ, મહિલા સહાયતા માટેના સંપર્ક નંબર બોર્ડ અને બાળકોની જાતીય સતામણીથી રક્ષણ માટે જાગૃતી બોર્ડ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા આંગણવાડી અને શાળામાં લગાડવામાં આવ્યા છે.

જેમાં ગુડ્ડા ગુડ્ડી બોર્ડમાં ગામ, હાલના બાળજાતિ દરની માહિતી અને ગામમાં દર મહિને જન્મ લેતા દિકરી અને દીકરાની માહિતી અધ્યતન કરવામાં આવશે જેથી ગામના લોકો બાળ જાતિ દર વિશે અવગત રહે અને તે અંગે મનોમંથન કરી દિકરી-દીકરાના જાતિય પ્રમાણ સમાન લાવવા માટે પગલા ભરે.

મહિલા સહાયતા માટેના સંપર્ક નંબર બોર્ડમાં મહિલાઓને તાત્કાલીક જરૂરિયાતના સમયે ઉપલબધ સેવાઓ જેવી કે અભયમ- ૧૮૧ મહિલા હેલ્પ લાઈન, સખી વન સ્ટોપ સેન્ટર, પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટર વિગેરે સેવાઓના સંપર્ક નંબર સાથે બોર્ડમાં દર્શાવ્યા છે. જે તાત્કાલીક સંપર્ક નંબર મહિલાઓ આ સેવાઓ મેળવા માટે ઉપયોગી બનશે.

બાળકોની જાતીય સતામણીથી રક્ષણ માટે જાગૃતી બોર્ડમાં બાળકોને ઉપયોગી બની રહે તે માટે બાળકોની જાતીય સતામણીથી રક્ષણ માટે જાગૃતી બોર્ડ શાળાઓમાં લગાવવામાં આવેલ છે. જેમાં બાળકોને ઉપયોગી ચાઈલ્ડ હેલ્પ લાઈન નંબર ૧૦૯૮, પોલીસ હેલ્પ લાઈન ૧૦૦ વિગેરે દર્શાવાયા છે. જે બાળકોને ફરીયાદ કરવા માટે ઉપયોગી બની રહેશે.

# ખંભાળિયા સહિત સમગ્ર તાલુકામાં રામ મંદિરના નિર્માણ પ્રસંગે 'આનંદ ઉત્સવ' યોજાશે



(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૧

આગામી તા. ૨૨ ફેબ્રુઆરીએ ભગવાન શ્રી રામનું ભવ્ય મંદીર બનીને તૈયાર થઈ ગયું છે. જેમા રામલલ્લાની આશરે પાંચ સદીના લાંબા સંઘર્ષ પછી અયોધ્યા ખાતે પધરામણી પણ થઈ રહી છે. ત્યારે ખંભાળિયા તાલુકાના ગામે ગામમાં આ "આનંદ ઉત્સવ" ભવ્ય રીતે ઉજવાય અને તાલુકાના દરેક ઘરે અયોધ્યાથી આવેલ ભગવાન શ્રીરામની પ્રસાદી પહોંચે સાથે સાથે ભગવાન શ્રી રામના આ મંદિરની માહિતી આપતી પત્રિકા સાથે મંદિરનો સુંદર ફોટોગ્રાફ પહોંચે તેની તૈયારીના ભાગરૂપે તાલુકા પંચાયતના ઘનશ્યામસિંહ જાડેજા, તાલુકા ભાજપ પ્રમુખ સી.એલ. ચાવડા, ઉપસરપંચ રાજુભાઈ ભરવાડ તથા વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ, આરએસએસના વરિષ્ઠ આગેવાનો અને ગામે ગામના સરપંચોની ઉપસ્થિતિમાં તૈયારીના ભાગરૂપે અત્રે ખાસ મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં આ આયોજન દરમિયાન તારીખ ૨૧ ફેબ્રુઆરીના રોજ "આનંદ ઉત્સવ" કાર્યક્રમ યોજવા તથા જુદા જુદા ગામોના વિવિધ મંદિરોમાં ધાર્મિક આયોજનના મુદ્દે ચર્ચા વિચારણાઓ કરવામાં આવી હતી. જેમાં રામ મંદિર નિર્માણના આ પ્રસંગને ભવ્ય રીતે ઉજવવા માટે તૈયારીઓ હાથ ધરવામાં આવી હતી.

# દરેક ભારતીયોનું વિકસિત ભારતનું પ્રણ એટલે વિકસિત ભારત સંકલ્પ યાત્રા : ખંભાળિયામાં વ્યાપક આવકાર



(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૧

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા તાલુકાના દાંતા ગામે 'મોદીની ગેરંટીવાળો રથ' એવા "વિકસિત ભારત સંકલ્પ યાત્રા"નું ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં કેન્દ્ર અને રાજય સરકારની વિવિધ યોજનાઓના લાભાર્થીઓને કીટનું વિતરણ કરી, સૌને વિવિધ સરકારી યોજનાઓનો લાભ લેવા અને અપાવવા અનુરોધ કર્યો હતો.

આ વેળાએ ઉપસ્થિત દાંતા ગામના ગ્રામજનો ભારતીય જનતા પાર્ટીના સંગઠનના હોદ્દેદારો, સામાજિક આગેવાનો, કાર્યકર્તાઓ અને સરકારી અધિકારી તાલુકા વિકાસ અધિકારી, મામલતદારની ઉપસ્થિતિમાં આ સુંદર કાર્યક્રમનું આયોજન થયું હતું. જે બદલ ગ્રામ પંચાયત અને સમગ્ર ગ્રામજનો દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

આ સંકલ્પ યાત્રામાં વિકસિત ભારત- ૨૦૪૭ના સ્વપ્નને સાકાર કરવામાં પોતાની ભાગીદારી સુનિશ્ચિત કરવા સંકલ્પ લીધા હતા. આ કાર્યક્રમ દાતા અને કંચનપુર એમ બે ગામોમાં કરાયેલા આયોજનમાં સી.એલ. ચાવડા, નટુભા જાડેજા, દાતાના ઉપસરપંચ રાજુભાઈ ભરવાડ, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી સાથે મોટી સંખ્યામાં ગ્રામજનો પણ જોડાયા હતા.

કંચનપુર ખાતે સી.એલ. ચાવડા, તાલુકા વિકાસ અધિકારી, તાલુકા પંચાયતના ઘનશ્યામસિંહ જાડેજા, તાલુકા ભાજપ મહામંત્રી શામજીભાઈ નકુમ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.


ગુજરાત સરકાર
નર્મદા જળસંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
જાહેર નિવિદા નં. ૨૭ સને ૨૦૨૩-૨૪

કાર્યપાલક ઇજનેરશ્રી, જુનાગઢ સિંચાઇ યોજના વિભાગ, ૨/૩, બહુમાળી ભવન, સરદાર બાગ, જુનાગઢ પીન નં.૩૬૨૦૦૧ (ફોન નં.૦૨૮૫-૨૬૩૦૩૨૯) તરફથી ઓઝત વિયર વંથલી સિંચાઇ યોજના એન્યુઅલ મેઇનટેનન્સ ઓફ અર્થનડેમ એન્ડ ક્લીનીંગ ઓફ સ્પીલવે ગેઇટસ જનરેટર રૂમ એન્ડ કન્ટ્રોલ કેબીન ફોર ધ યર ૨૦૨૩-૨૪ અંદાજીત રકમ રૂ.૩૬૬૪૮૦.૦૪ ના કામનું ટેન્ડર માન્ય યાદીની "ગ" (સી) શ્રેણીમાં નોંધાયેલ વંથલી તાલુકાની મ.સ.મંડળીઓ પાસેથી માંગવામાં આવે છે. જો તાલુકાની મ.સ.મં.ઓની માંગણી ન આવે તો જુનાગઢ જીલ્લાની મ.સ.મં.ઓને ટેન્ડર આપવામાં આવશે અને જો તાલુકા અને જીલ્લાની મ.સ.મં.ઓની માગણી ન આવે તો "ઈ-૨" અને ઉપરની શ્રેણીમાં નોંધાયેલ ઠેકેદારશ્રીઓને ન્યુઝ પેપરમાં પ્રસિધ્ધ થયેથી ટેન્ડર આપવામાં આવશે.

વંથલી તાલુકાની "ગ"વર્ગ(સી) વર્ગની મ.સ.મં.માટે ટેન્ડર આપવાની છેલ્લી તા. ૦૧/૦૧/૨૦૨૪ સમય ૧૮-૦૦ કલાક સુધી અને ટેન્ડર પરત કરવાની છેલ્લી તા.૦૫/૦૧/૨૦૨૪ સમય ૧૮-૦૦ કલાક સુધી

જુનાગઢ જીલ્લાની "ગ" વર્ગ (સી) વર્ગની મ.સ. મંડળીઓ માટે ટેન્ડર આપવાની છેલ્લી તા.૦૯/૦૧/૨૦૨૪ સમય ૧૮-૦૦ કલાક સુધી અને ટેન્ડર પરત કરવાની છેલ્લી તા.૧૫/૦૧/૨૦૨૪ સમય ૧૮-૦૦ કલાક સુધી

ઠેકેદારશ્રીઓ માટે ઇ-૨ અને ઉપર માટે ટેન્ડર આપવાની છેલ્લી તા.૧૭/૦૧/૨૦૨૪ સમય ૧૮-૦૦ કલાક સુધી અને ટેન્ડર પરત કરવાની છેલ્લી તા.૨૩/૦૧/૨૦૨૪ સમય ૧૮.૦૦ કલાક સુધી.

વિગતો માહિતી ખાતાની વેબસાઇટ www.statetenders.gujarat.gov.in નામની વેબસાઇટ જોવા તથા ઉકત કચેરીનો સંપર્ક સાધવા વિનંતી છે.

માહિતી/જૂના/૯૨૫/૨૦૨૩

# પુર્વ મેયર સ્વ.ધીરૂભાઈ ગોહેલને જૂનાગઢની અશ્રુભીની શ્રધ્ધાંજલિ





તસ્વીર : બંસી ફિલ્મ્સ - જૂનાગઢ



## અક્ષરનિવાસી ધીરૂભાઈ ગોહેલની અંતિમ યાત્રામાં મોટી સંખ્યામાં અગ્રણીઓ અને રાજકીય મહાનુભાવો જોડાયા




જૂનાગઢ તા. ૨૧

જૂનાગઢ મહાનગરપાલિકાના પુર્વ મેયર ધીરૂભાઈ ગોહેલનું ગઈકાલે દુઃખદ અવસાન થતા ઘેરા શોકની લાગણી પ્રસરી છે. સદ્‌ગતની અંતિમયાત્રા તેમના નિવાસસ્થાન મહાપૂજા ગ્રીન સીટી ખાતેથી નીકળી હતી. પુર્ણ માન-સન્માન સાથે નીકળેલી સદ્‌ગતની અંતિમયાત્રામાં જૂનાગઢ શહેરના વિવિધ ક્ષેત્રના અગ્રણી આગેવાનો, મહાનુભાવો તેમજ વિવિધ સંસ્થાના અગ્રણીઓ તેમજ જૂનાગઢની જનતા મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી અને સદ્‌ગતને ભાવપુર્ણ અશ્રુભીની શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ અંતિમયાત્રા પુર્વે સદ્‌ગત ધીરૂભાઈ ગોહેલના પાર્થિવ દેહને દર્શન અર્થે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. જયાં વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ, રાજકીય મહાનુભાવો, શહેરીજનો, પરિવારજનોએ ભાવપુર્ણ શ્રધ્ધાંજલિ આપી હતી.

જૂનાગઢ મહાનગરપાલિકાના ભુતપુર્વ મેયર ધીરૂભાઈ ગોહેલ (ઉ.વ.૬૭)નું ગઈકાલે સવારે ૧૧.૩૦ કલાકે જૂનાગઢ સ્થિત તેમના નિવાસસ્થાને નિધન થયું હતું. ધીરૂભાઈ ગોહેલ છેલ્લા કેટલાક સમયથી બિમારીથી પિડાતા હતા અને તેમને બિમારી સબબ મુંબઈ સ્થિત રિલાયન્સ હોસ્પીટલના આઈસીયુમાં સારવાર આપવામાં આવી રહી હતી અને તા.૧૭ ડીસેમ્બરે તેમને મુંબઈથી એર એમ્બ્યુલન્સ દ્વારા જૂનાગઢ લાવવામાં આવ્યા હતા. અને ગઈકાલે તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. ગઈકાલે જ તેઓનો જન્મદિવસ હતો અને તેમણે ૬૭ વર્ષ પુર્ણ કરી ૬૮ માં વર્ષમાં પ્રવેશ કર્યો હતો અને ગઈકાલનો દિવસ તેમના જીવનનો અંતિમ દિવસ બનીગયો હતો. ધીરૂભાઈ ગોહેલે તેમના મેયર પદના કાર્યકાળ દરમ્યાન જૂનાગઢ શહેરના લોકોની સુખાકારી માટે સતત પ્રયત્નો કર્યા હતા. ખુબજ સાલસ અને સરળ સ્વભાવના ધીરૂભાઈ ગોહેલ વિશાળ ચાહક વર્ગ ધરાવતા હતા. ધીરૂભાઈ ગોહેલ તેમની પાછળ તેમના ધર્મપત્ની અને બે પુત્રો ડો.તુષાર ગોહેલ (યુએસએ) અને વિવેક ગોહેલને વિલાપ કરતા છોડી ગયા છે. ગઈકાલે ધીરૂભાઈ ગોહેલ અક્ષર નિવાસી થતા તેઓના ચાહક વર્ગમાં શોકની લાગણી પ્રસરી ગઈ હતી. અને રાજકીય વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ, મહાનુભાવોએ તેઓને ભાવપુર્ણ શ્રધ્ધાંજલિ આપી હતી તેમજ તેમના પરિવારજનોને સાંત્વના આપી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, ધીરૂભાઈ ગોહેલે ખુબજ કઠીન સમયમાં સખ્ત મહેનત અને નિષ્ઠાભરી કામગીરીને કારણે તેઓ ઉચ્ચ દરજજાએ પહોંચ્યા હતા. તેઓશ્રી ગુર્જર ક્ષત્રિય કડીયા સમાજ જૂનાગઢના પ્રમુખ તરીકે પણ કાર્યરત હતા. વિસાવદર તાલુકાના ચાવંડ ગામના મુળ વતની એવા ધીરૂભાઈ ગોહેલે વધુ વિકાસ માટે જયારે જૂનાગઢની વાટ પકડી ત્યારે જે તે વખતે તેઓએ જૂનાગઢના અગ્રણી કેળવણીકાર મોહનભાઈ પટેલના અંગત મદદનીશ તરીકે સંસદની ચુંટણી દરમ્યાન કામગીરી કરી હતી અને એ વખતે મોહનભાઈ પટેલ વિજેતા બન્યા હતા. આ સાથેજ ધીરૂભાઈ ગોહેલની કારકિર્દી શરૂ થઈ હતી અને એક નિષ્ઠાવાન કાર્યકર તરીકે તેમજ સાલસ સ્વભાવને કારણે તમામ વર્ગોમાં અનેરી ચાહના ઉભી કરી હતી. સમય જતા તેઓ બાંધકામ વ્યવસાય સાથે પણ સંકળાયેલા હતા અને ખુબજ થોડા સમયમાં જૂનાગઢ શહેરના વિવિધ વિસ્તારોમાં બાંધકામો હાથ ધર્યા હતા અને બાંધકામ વ્યવસાયમાં પણ તેઓની ખુબજ યશસ્વી કામગીરી રહી છે. ગત મહાનગરપાલિકાની ચુંટણી દરમ્યાન ધીરૂભાઈ ગોહેલ અમેરિકા હતા એ દરમ્યાન ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી તેમજ ભારતીય જનતા પાર્ટીના મોવડી મંડળે મનપાની એ ચુંટણીમાં મેયર તરીકે ધીરૂભાઈ ગોહેલનું નામ મુકયું હતું અને આ ચુંટણીમાં જંગી બહુમતીથી ભારતીય જનતા પાર્ટીને સંપુર્ણ બહુમતી મળી હતી. રાજકીય ભાષામાં જેને કોરી પાટી અને નિર્મળ વ્યક્તિત્વ તેમજ પારદર્શકતાને કારણે ધીરૂભાઈ ગોહેલે અપાર ચાહના મેળવી છે. મહાનગરપાલિકાના તેમના કાર્યકાળ દરમ્યાન પુર્વ મેયર એવા ધીરૂભાઈ ગોહેલે કયારેક તો જાતે ખર્ચ કરીને પણ પ્રજા વિકાસના કાર્યો કર્યા છે અને એક મેયર તરીકેની કામગીરી સુપેરે નિભાવી હતી. આ ઉપરાંત પણ વિવિધ સંસ્થાઓ સાથે પણ તેઓ સંકળાયેલા છે. તેમજ ગુર્જર ક્ષત્રિય કડીયા સમાજની પણ તેઓએ ખુબજ સેવા કરી છે. બાંધકામ વ્યવસાયમાં તેમના પુત્ર વિવેક ગોહેલ પણ ખુબજ સારી કામગીરી સાથે નામના ધરાવે છે. નાની વ્યક્તિ હોય કે મોટી વ્યક્તિ ધીરૂભાઈ ગોહેલને મન સર્વે એક સમાન લાગણી અને આદર ધરાવતા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, તત્કાલીન મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, વર્તમાન મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ સહિતના પ્રથમ હરોળના ભાજપના વરિષ્ઠ નેતાઓ સાથે તેઓ અંગત ઘરોબો ધરાવતા હતા. આવા સંનિષ્ઠ અને સર્વે સમાજ માટે આગવું અને આદરભર્યુ સ્થાન ધરાવનારા ધીરૂભાઈ ગોહેલ હવે જયારે આપણી વચ્ચે રહયા નથી ત્યારે તેમની ખોટ જૂનાગઢ અને જીલ્લાની જનતાને કાયમને માટે રહેશે. સ્વ.ધીરૂભાઈ ગોહેલ સ્વામિનારાયણ સંપ્રદાયના અનન્ય અને ચુસ્ત ભકત હતા અને ભગવાન સ્વામિનારાયણ પ્રતયે અખુટ શ્રધ્ધા ધરાવતા હતા. તેઓને સ્વામિનારાયણ સંપ્રદાયના સંતોએ પણ શ્રધ્ધા-સુમન અર્પણ કર્યા હતા. આ સાથે જ જૂનાગઢ વાસીઓએ ધીરૂભાઈ ગોહેલને અશ્રુભીની શ્રધ્ધાંજલિ અર્પણ કરી છે ત્યારે સૌરાષ્ટ્ર ભૂમિ પરિવાર પણ સ્વ.ધીરૂભાઈ ગોહેલને ભાવપુર્ણ શ્રધ્ધાંજલિ અર્પણ કરે છે.

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
MI-GL
ઘરઘંટી ૮૫૦૭ થી શરૂ
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

## શ્રધ્ધાંજલી સભા



જીવન એવુ જીવી ગયા કે સૌના હૃદયમાં વસી ગયા,
આપનો નિખાલસ સ્વભાવ સદાય
અમારા માટે માર્ગદર્શન બની રેહશે.

# અ.નિ. ધીરૂભાઈ નારણભાઈ ગોહેલ

અ.નિ. તા. ૨૦-૧૨-૨૦૨૩, બુધવાર વિ.સં. ૨૦૮૦ માગસર સુદ આઠમ
ના રોજ અક્ષર નિવાસી થયેલ છે.

• સદ્‌ગતશ્રીની શ્રધ્ધાંજલી સભા •

તા. ૨૩-૧૨-૨૦૨૩, શનિવાર • સમય : બપોરે ૩ થી ૫-૩૦
સ્થળ : ગ્રીન સીટી પાર્ટી પ્લોટ, ગ્રીન સીટી,
બાયપાસ રોડ, જૂનાગઢ.

લી.
ગં.સ્વ. મીનાબેન ધીરૂભાઇ ગોહેલ

| | | |
|---|---|---|
| ડો. તુષાર ધીરૂભાઇ ગોહેલ | વિવેક ધીરૂભાઇ ગોહેલ | હેતલ અલ્પેશકુમાર ટાંક |
| સ્નેહાબેન તુષારભાઈ ગોહેલ | મિત્તલબેન વિવેકભાઈ ગોહેલ | દિપલ મનીષકુમાર ચૌહાણ |

ગીરીશભાઇ નારણભાઇ ગોહેલ   ઘનશ્યામભાઇ નારણભાઇ ગોહેલ
અનિલભાઇ નારણભાઇ ગોહેલ   પરેશભાઇ નારણભાઇ ગોહેલ

ગોહેલ પરિવારના જય સ્વામીનારાયણ